Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૮





## * આત્મલાભનો અવસર *

અરે જીવ ! પરમાત્મા તારા અંતરમાં સદાય નીકટ બિરાજે છે –તારાથી જરાય આઘા નથી.. તે તું જ છો –એમ સંતો જોરથી તને સમજાવે છે.

અહો, જેણે આવું શુદ્ધ પરમાત્મતત્ત્વ પોતાના અંતરમાં દેખી લીધું–જાણી લીધું –અનુભવમાં લીધું તે ધર્માત્મા ધન્ય છે.... મુનિઓ પણ તેની પ્રશંસા કરે છે.

અહા, આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ જોરશોરથી સંતોએ તને સંભળાવ્યું, સમસ્ત નિજવૈભવથી તને શુદ્ધાત્મા દેખાડયો, તો હવે આજે જ તું આવા ચૈતન્યતત્ત્વને અનુભવમાં લેજે... આજથી જ અપૂર્વ શરૂઆત કરી દેજે. આત્માના લાભનો આ ઉત્તમ અવસર છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૯, શ્રાવણ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૦ : અંક ૧૦

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## વાત્સલ્ય – ધર્મ

શ્રાવણસુદ પૂનમ આવે છે ને વાત્સલ્યના મધુર સંદેશ લાવે છે. લૌકિકમાં બહેન પોતાના ભાઈ પ્રત્યે રક્ષાબંધન કરીને કેવું નિર્દોષ વાત્સલ્ય બતાવે છે! તો પછી સાધર્મીનો ધર્મસંબંધ તો ભાઈ – બહેનના સંબંધ કરતાંય વધુ ઊંચો છે, એના પરસ્પર વાત્સલ્યની શી વાત!

ધર્માત્માઓ તો નિસ્પૃહ હોય છે, તેઓ કાંઈ કોઈની સહાયની અપેક્ષા રાખતા નથી, તેઓ તો નિઃશંક અને નિષ્કાંક્ષપણે પોતાની આત્મસાધનામાં વર્તે છે; પણ જેમ પુત્ર ઉપરનું સંકટ માતા દેખી શકતી નથી તેમ ધર્માત્મા ઉપર કે ધર્મી ઉપરનું કોઈ સંકટ ધર્માત્મા દેખી શકતા નથી, તેમના પ્રત્યે સહેજે વાત્સલ્ય આવી જાય છે. સાધર્મીને દેખીને પ્રેમ – પ્રસન્નતા અને આ મારા સ્વજન છે એવો આત્મીયભાવ ધર્મીને આવે છે; તેથી એકબીજાની ધાર્મિકભાવનાની અનુમોદના અને પુષ્ટિ કરે છે.

અહા, એક જ વીતરાગ–પરમાત્માના ચરણમાં શિર ઝુકાવનારા સૌ સાધર્મીઓને પરસ્પર વાત્સલ્ય હોય એમાં શું આશ્ચર્ય છે! અહો, જગતમાં સર્વોત્કૃષ્ટ આવો વીતરાગ જૈનમાર્ગ, તેને ઉપાસનારા સાધર્મીઓ ધન્ય છે.... આદરણીય છે, તેમને માટે હું જેટલું કરું એટલું ઓછું છે.

બંધુઓ! વીરપ્રભુના મોક્ષનું અઢી હજારમું વર્ષ બેસવાની તૈયારી છે ત્યારે આપણે સમસ્ત જૈનો અંતરના હાર્દિક વાત્સલ્યથી જૈનસમાજને દીપાવીએ...એક ધર્મપિતાના સૌ વીર–સંતાનો એક બનીએ, વીરનાથના માર્ગમાં આપણા જીવનને પવિત્ર કરીને વાત્સલ્યના શણગારથી શોભાવીએ, ને જૈનધર્મધ્વજને આનંદથી જગતમાં ફરકાવીએ...એ જ ભાવના..

– બ્ર. હ. જૈન.

ત્રણ માસનું
લવાજમ
એક રૂપિયો

આત્મધર્મ

વીર સં. ૨૪૯૯
શ્રાવણ
Augu. 1973

વર્ષ : ૩૦ અંક ૧૦

# આજે જ.... અનુભવ કર..

## 卐 સંતોના તને આશીર્વાદ છે 卐

અંતરમાં પરમ સર્વોત્કૃષ્ટ પ્રેમ લાવીને આત્માને જાણતાં આનંદસહિત તે અનુભવમાં આવે છે. શ્રી ગુરુઓ કહે છે કે અરે મુમુક્ષુ જીવો! તમારું હિત કરવા માટે, આનંદનો અનુભવ કરવા માટે, ધીમેધીમે નહિ પણ હમણાં જ આત્માનો ઉત્કૃષ્ટ પ્રેમ કરો.... અંતરમાં આત્માની ધૂન જગાડીને આજે જ એને અનુભવમાં લ્યો...આમાં વિલંબ ન કરો. ‘અત્યારે બીજું, ને આત્મા પછી’–એમ વિલંબ ન કરો. બધાયનો પ્રેમ છોડીને આત્માનો પ્રેમ આજે જ કરો. આત્માના હિતના કાર્યને ગૌણ ન કરો. અત્યારે જ હિતનો અવસર છે, હિતને માટે અત્યારે જ ઉત્તમ ચોઘડીયું છે. તારા હિત માટે સંતોના તને ‘આશીર્વાદ’ છે.

# જૈન શાસનનો મહા સિદ્ધાંત

[ સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ ના પ્રવચનોમાંથી ]

'दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं'

'જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે'

## પર્યાયને દ્રવ્ય સાથે અનન્યપણું છે -

એના નિર્ણયમાં સ્વસન્મુખ થઈને બંધનું અકર્તાપણું થાય છે
ને મોક્ષ તરફ પરિણતિનો અપૂર્વ ક્રમપ્રવાહ શરૂ થાય છે.

જુઓ, દરેક વસ્તુની પર્યાયને પોતપોતાના દ્રવ્ય સાથે અનન્યપણું છે -એમાં તો મહા સિદ્ધાંત છે. જીવની જે-જે પર્યાયો છે તેને પોતાના દ્રવ્ય સાથે અનન્યપણું છે, એટલે તારી દરેક પર્યાયમાં તારા દ્રવ્યને અનન્યપણે દેખ. એકલી પર્યાયને ન દેખ, પર્યાયમાં અનન્ય એવા દ્રવ્યને દેખ.

હવે જ્યાં દ્રવ્યની સાથે પર્યાય અનન્ય થઇ ત્યાં તે પર્યાયમાં રાગનું કર્તૃત્વ ન રહ્યું, કેમકે દ્રવ્યસ્વભાવમાં તો રાગ નથી. દ્રવ્યસન્મુખ થતાં પર્યાય શુદ્ધ થઈને પરિણમી. દ્રવ્યસ્વભાવમાં અનન્ય થયેલી તે પર્યાય હવે રાગમાં તન્મય કેમ થાય? દ્રવ્યસ્વભાવ તરફ ઝુકેલા જ્ઞાનભાવને રાગથી તો અન્યપણું થઈ ગયું. અહો, દ્રવ્ય-પર્યાયના અનન્યપણાના સિદ્ધાંતમાં તો રાગથી ભિન્નપણું થઈ જાય છે એટલે રાગનું અકર્તાપણું થઈ જાય છે. આવું વીતરાગી તાત્પર્ય સમજે, -એટલે કે આવા ભાવરૂપે પોતે પરિણમે, તો જ શાસ્ત્રનું રહસ્ય સમજ્યો કહેવાય. મારી પર્યાયનું અનન્યપણું મારા જ્ઞાનસ્વભાવી દ્રવ્ય સાથે છે, - બીજા કોઈ સાથે નહિ, -આમ નક્કી કરતાં તો પરિણમનનો આખો પ્રવાહ જ સ્વસન્મુખ પલટી ગયો, મોક્ષ તરફની પર્યાયનો અપૂર્વ પ્રવાહ શરૂ થયો. આવા જીવને જ 'દ્રવ્યની ક્રમબદ્ધપર્યાય'નું સાચું રહસ્ય સમજાય છે.

અહીં આચાર્યદેવ આગમથી–યુક્તિથી–ન્યાયથી ને દ્રષ્ટાન્તથી કર્તા–કર્મનું પરથી નિરપેક્ષપણું બતાવીને, આત્માને પરનું અકર્તાપણું સિદ્ધ કરે છે. આવું અકર્તાપણું સમજીને પોતાના ચૈતન્યભાવમાં જ તન્મય પરિણમતો જીવ, કર્મનો અકર્તા થઈને મોક્ષને સાધે છે.

પ્રથમ તો આ જગતમાં જે કોઈ જીવ કે અજીવ પદાર્થ છે તે બધાય પોતપોતાની પર્યાયમાં તાદાત્મ્યપણે વર્તે છે. જીવ ક્રમનિયમિત એવા પોતાના જીવપરિણામમાં તન્મયપણે વર્તે છે, તે અજીવથી જુદો છે; અને અજીવ પણ પોતાના અજીવપરિણામમાં તન્મયપણે વર્તે છે; તે જીવથી જુદું છે.–આમ બન્નેને ભિન્નપણું છે. આ રીતે પોતપોતાના પરિણામમાં જ તન્મય વર્તતા દ્રવ્યને, બીજા દ્રવ્યની સાથે કર્તાકર્મપણું નથી.

જીવ પોતાની ક્રમનિયમિત જીવપર્યાયોરૂપે ઊપજતો થકો તેનો કર્તા છે, પણ તે અજીવની પર્યાયનો કર્તા નથી, અજીવની પર્યાયપણે તે ઊપજતો નથી; છતાં અજીવનું કર્તાપણું માને છે તે અજ્ઞાન છે અને તે અજ્ઞાનથી જ જીવને સંસાર છે.

મારા પરિણામમાં હું, ને પરના પરિણામમાં પર, એમ ભિન્નપણું ન જાણતાં, જે અજ્ઞાની એમ માને છે કે મારા પરિણામને બીજો કરે ને બીજાના પરિણામને હું કરું, તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને, પરને આશ્રિત (કર્મને આશ્રિત) અજ્ઞાનપણે ઊપજતો થકો કર્મોથી બંધાય છે, ને સંસારમાં રખડે છે.

ભાઈ, તારી પર્યાયના આશ્રયે તારું દ્રવ્ય છે, ને તારા દ્રવ્યના આશ્રયે તારી પર્યાય છે, તે રીતે કર્તા–કર્મનું (દ્રવ્ય–પર્યાયનું) પોતામાં જ અનન્યપણું છે, બીજા કોઇ સાથે તેને સંબંધ નથી, બીજા કોઈની તેને અપેક્ષા નથી.

તારું દ્રવ્ય બીજાની પર્યાયમાં વર્તતું નથી – કે તું તેને કર. અને તારી પર્યાયમાં બીજું દ્રવ્ય વર્તતું નથી –કે તે તારી પર્યાયને કરે. તારો કર્તા તું; ને પરનો કર્તા પર. –તેમાં કોઈને બીજાનો આશ્રય નથી.

**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે.**

કર્તા અને તેનું કર્મ બન્ને અનન્ય જ હોય છે, એ સિવાય બીજી કોઈ રીતે તેની સિદ્ધિ થઈ શકતી નથી એટલે કે ભિન્ન પદાર્થો વચ્ચે કોઈ રીતે કર્તા–કર્મપણું સિદ્ધ થઈ શકતું નથી. અરે, આવું પરથી નિરપેક્ષપણું સમજે તો સ્વસન્મુખ થઈને

જ્ઞાનભાવમાં જ તન્મયપણે પરિણમે. તે જ્ઞાનમાં રાગાદિનું કે કર્મનું કર્તાપણું નથી. એ તો પોતાના જ્ઞાનમયભાવમાં જ ક્રમબદ્ધ પરિણમતો થકો મોક્ષ તરફ જ ચાલ્યો જાય છે. જ્ઞાનમાં રાગનું કર્તાપણું કેવું? ને જ્ઞાનને કર્મનું બંધન કેવું? આવા જ્ઞાનપણે પરિણમતો આત્મા કર્મનો અકર્તા જ છે. તે તો જ્ઞાનસ્વભાવના સ્વીકાર વડે આનંદ કરતો કરતો, અનંતગુણના નિર્મળક્રમમાં પરિણમી રહ્યો છે. –તે પરિણમનમાં રાગનું કર્તૃત્વ સમાય નહીં, રાગમાં તે પરિણામ તન્મય થાય નહીં, એટલે કર્મનું નિમિત્તકર્તાપણું પણ તેને નથી.

ભાઈ, તારી સત્તા તારા પરિણામમાં હોય, બીજાના પરિણામમાં તારી સત્તા ન હોય. બે દ્રવ્યોની સત્તા અત્યંત જુદી, તેઓ એકબીજાની પર્યાયમાં જાય નહીં, એટલે એકબીજાની પર્યાયને કરે નહિ. જો એક–બીજાની પર્યાયને કરે તો બન્ને દ્રવ્યો એક થઈ જાય, જીવ ને અજીવ બન્ને એક થઈ જાય એટલે કોઈની જુદી સત્તા જ ન રહે, 'સત્તાનો નાશ' થઈ જાય એટલે સત્યાનાશ થઇ જાય.

પોતાની સત્તા જુદી ન જાણતાં, જે અજ્ઞાની પરની સાથે કર્તાકર્મપણું માનશે તે પોતાના અજ્ઞાનપણે ઊપજતો થકો, કર્મ–બંધમાં નિમિત્તકર્તા થઈને સંસારમાં રખડશે. કર્મમાં આત્મા નિમિત્ત, ને આત્મામાં કર્મ નિમિત્ત–એવું અજ્ઞાનીને છે. જ્ઞાની તો જ્ઞાનભાવમાં જ તન્મયપણે જ્ઞાનરૂપે જ પરિણમે છે, તે જ્ઞાનભાવ કર્મમાં નિમિત્ત નથી, ને કર્મ તે જ્ઞાનભાવમાં નિમિત્ત નથી. આ રીતે જ્ઞાનભાવરૂપ જ્ઞાનીને પરનું અકર્તાપણું જ છે. ને પોતાના અનંતગુણની નિર્મળપર્યાયમાં તન્મયપણે ઉપજતો થકો તેનો તે કર્તા છે.

અહો, આ કર્તાકર્મના સિદ્ધાંત ઉપર આખો મોક્ષમાર્ગ છે. કર્તાકર્મનું આવું સ્વાધીનપણું નક્કી કર્યાં વગર કદી મોક્ષમાર્ગ થાય નહિ.–કેમકે જ્યાં સુધી પર સાથે કર્તાકર્મપણું માને ત્યાંસુધી પરાશ્રયબુદ્ધિ મટે જ નહિ, ને પરાશ્રયે કદી મોક્ષમાર્ગ થાય નહિ. પરથી અત્યંત ભિન્નપણું નક્કી કરીને, પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્વાશ્રયે પરિણમતાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; જ્ઞાનનો ક્રમબદ્ધ ઉત્પાદ જ્ઞાનરૂપ છે, જ્ઞાનનાં ક્રમમાં વચ્ચે રાગ કે જડ ન આવે. આ રીતે મારી જ્ઞાનપર્યાયમાં હું જ ઊપજું છું–બીજું કોઇ નહિ એમ નક્કી કરનાર, પોતાના સ્વભાવપણે જ ઉપજતો થકો રાગાદિ પરભાવોને કરતો નથી. આ રીતે સ્વભાવથી નિર્મળ પરિણામમાં ઊપજતો આત્મા રાગાદિનો તથા કર્મોનો અકર્તા જ છે. –એ જ્ઞાતાદ્રષ્ટાભાવપણે રહ્યો, એ જ ધર્મ, એ જ મોક્ષમાર્ગ, એ જ ધર્મીનું કાર્ય.

ભાઈ, તું તો જ્ઞાન છો; જ્ઞાન તો હળવું ફૂલ શાંત છે, તેમાં રાગ તો ભારરૂપ છે; એ જ્ઞાનનું સ્વરૂપ નથી પણ બોજો છે, જ્ઞાન તેને ઉપજાવતું નથી. તેને જ્ઞાન જાણે ભલે પણ પોતે તે–રૂપે થઈને ઊપજતું નથી, પોતે તો જ્ઞાનરૂપ રહીને જ ઊપજે છે. જ્ઞાનની સાથે શ્રદ્ધા–આનંદ વગેરે પોતાના અનંતગુણો પણ પોતપોતાની પર્યાયપણે ઊપજે છે. –આમ ધર્મીને અનંતગુણોનું નિર્મળકાર્ય ક્ષણે ક્ષણે પોતાની પર્યાયમાં થઈ રહ્યું છે, તે નિર્મળ પરિણમન રાગાદિથી જુદું છે, એટલે ધર્મી તે રાગાદિના અકર્તા છે.

હે જીવ ! તારા આત્માને તું જ્ઞાનપણે જ ઉપજતો દેખ. જ્ઞાનથી ભિન્ન બીજા બધા પરિણામોમાંથી તાદાત્મ્યપણાની બુદ્ધિ કાઢી નાંખ. પરિણામી–વસ્તુને પોતાના પરિણામ સાથે જ એકપણું છે, બીજા કોઈ સાથે તેને એકપણું નથી પણ ભિન્નપણું જ છે. આ રીતે જીવ અને અજીવને તદ્દન ભિન્નપણું છે, એકપણું નથી–એટલે તેમને પરસ્પર કર્તા–કર્મપણું પણ નથી. આવું ભિન્નપણું જાણ્યા વગર રાગનું ને કર્મનું કર્તાપણું કદી છૂટે નહીં એટલે ધર્મ થાય નહીં; ને જ્યાં ભિન્નપણું જાણે ત્યાં જ્ઞાનમાં રાગાદિનું કર્તાપણું રહે નહીં.

* આ જગતમાં જીવ–અજીવની અને તેમનાં કાર્યોની ભિન્નતા જ જોવામાં આવે છે.

* એક દ્રવ્ય ઊપજતું થકું અન્ય દ્રવ્યની પર્યાયમાં તન્મય થઈને તેને કરતું હોય

– એમ તો ક્યાંય જોવામાં આવતું નથી.

જીવ ઉપજીને અજીવની કોઈ પર્યાયને કરતો હોય, ધનની પર્યાય, શરીરની પર્યાય, સોનું–શબ્દ–રોટલી–અક્ષર વગેરે કોઈ પણ પર્યાયને જીવ કરતો હોય,–એમ તો જગતમાં ક્યાંય દેખાતું નથી; અજ્ઞાની મફતનો અજ્ઞાનથી અજીવનું કર્તાપણું પોતામાં માને છે. જીવ અને અજીવની બંનેની તદ્દન ભિન્ન પોતપોતાની પર્યાયમાં જ ઉત્પત્તિ થતી સદાકાળ જોવામાં આવે છે; આવું સ્પષ્ટ ભિન્ન વસ્તુસ્વરૂપ પ્રસિદ્ધ દેખાતું હોવા છતાં અજ્ઞાની તેને દેખતો નથી, એટલે મિથ્યાભાવથી પરસાથે કર્તા–કર્મપણું માનીને તે સંસારમાં રખડે છે.

પુદ્ગલની શબ્દપર્યાયને લીધે જીવની જ્ઞાનપર્યાય ઊપજતી હોય – એવું અમને તો દેખાતું નથી. પોતાની જ્ઞાનપર્યાયપણે તો જીવદ્રવ્ય પોતે જ ઊપજતું દેખાય છે, ને શબ્દપર્યાયરૂપે તો પુદ્ગલદ્રવ્ય ઊપજતું દેખાય છે. આવું વસ્તુસ્વરૂપ પ્રગટ હોવા છતાં, જો તું એમ માનતો હો કે શબ્દને લીધે જ્ઞાન થયું –તો હે ભાઈ ! તને વસ્તુસ્વરૂપ જોતાં આવડતું નથી. અહીં આચાર્યદેવ સર્વજ્ઞભગવાને જોયેલું વસ્તુસ્વરૂપ જાહેર કરે છે.

કાર્ય હોય તે પોતાના કર્તા સાથે ( એટલે કે સ્વદ્રવ્યની સાથે ) તન્મય હોય છે,

બીજા બધાયથી તો તે જુદું જ હોય છે. કર્તા–કર્મપણું સ્વદ્રવ્યમાં એકમાં જ સમાપ્ત થાય છે, બહાર જતું નથી. આ નિયમ જગતમાં બધા જીવ તેમજ બધા અજીવ પદાર્થોમાં લાગુ પાડી લેવો.

જીવ કે અજીવ બધા પદાર્થો–દરેક સમયે પોતાની નિયમિતક્રમવાળી અવસ્થાપણે પોતે ઊપજે જ છે; નિમિત્તમાં કોઈ અનુકૂળ સંયોગોના ઢગલા હોય, તે કાંઈ આની જ્ઞાનપર્યાયને ઉપજાવતા નથી, કે કોઈ પ્રતિકૂળ સંયોગોના ગંજ હોય–તે કાંઈ આની જ્ઞાનપર્યાયની ઉત્પત્તિને રોકી શકતા નથી. ભલે, બંનેની પર્યાયો એક સાથે થાય છતાં કોઈ એકબીજાના કર્તા નથી. અહો, આ વીતરાગી વિજ્ઞાન છે. આવા વસ્તુસ્વરૂપને જાણનારું જ્ઞાન રાગથી પણ છૂટું પડી જાય છે ને અંદર જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને પોતાના જ્ઞાનમય ભાવને જ કરતું થકું મોક્ષમાર્ગ પ્રગટ કરે છે, તે જ્ઞાન પોતે રાગનું અકર્તા થઇ, રાગથી જુદું થઈ, વીતરાગભાવરૂપ પરિણમે છે ને મોક્ષને સાધે છે. અહા, જગતમાં કોઈની અપેક્ષા વિના, રાગની–વિકલ્પની પણ અપેક્ષા વિના, મારો જ્ઞાનસ્વભાવી આત્મા પોતે શુદ્ધ જ્ઞાનાનંદ પરિણામરૂપે તન્મય થઈને પરિણમે છે. –આવી પ્રતીત સ્વસન્મુખતા વડે જ થઈ શકે છે. સમ્યગ્દર્શન વગર આવી અપૂર્વ પ્રતીત થઈ
શકે નહીં.

મોટરમાં બેઠેલા જીવની ગતિપર્યાયને કાંઈ મોટરના પુદ્ગલો નથી કરતા, તે જીવ પોતે જ પોતાની તે વખતની તેવી ગતિપર્યાયરૂપે ઊપજતો થકો પોતે જ તેનો કર્તા થઈને તેમાં તન્મય વર્તે છે ને મોટરના પુદ્ગલોથી જુદો જ વર્તે છે–આમ બંને દ્રવ્યોનું જુદાપણું સ્પષ્ટ દેખાય છે. છતાં તેમનામાં કર્તા–કર્મપણું માને છે તે અજ્ઞાનીનો ભ્રમ છે. તે ભ્રમને લીધે તે પરાશ્રયે રાગ–દ્વેષ કરીકરીને દુઃખી થાય છે ને સંસારમાં રખડે છે. સત્ય વસ્તુસ્વરૂપની સમજણનું ફળ તો સુખ છે.

સુખ તે જીવનો સ્વભાવ છે. તે સુખપર્યાયરૂપે જીવ પોતે પરિણમીને ઊપજે છે. સુખપર્યાયનો ઉત્પાદક જીવ છે ને સુખપર્યાય તે જીવનું ઉત્પાદ્ય છે; પર સાથે તેને ઉત્પાદ્ય–ઉત્પાદકપણું નથી. પૈસા શરીર વગેરે અજીવ પદાર્થો કાંઈ જીવની સુખપર્યાયના ઉત્પાદક નથી. સુખસ્વભાવી જીવદ્રવ્ય પોતે પોતાની સુખપર્યાયનું ઉત્પાદક છે, –પોતે તે–રૂપે પરિણમે છે, તે સુખપરિણામમાં જીવદ્રવ્યને તન્મયપણું છે. આમ સમજે તે પોતાના સુખ માટે ક્યાંય પરનો આશ્રય ન શોધે, પણ પોતાના સ્વદ્રવ્યના આશ્રયે પોતે જ સુખરૂપે પરિણમે. –આનું નામ ધર્મ છે.

ક્રમબદ્ધ ઊપજતી પર્યાયને અનન્યપણું (તાદાત્મ્યપણું) પોતાના દ્રવ્ય સાથે છે ને બીજાથી તેને ભિન્નપણું છે –આમાં તો ભેદજ્ઞાનનો મહા વીતરાગી સિદ્ધાંત છે.

જુઓ, આત્માની પર્યાયને આત્મદ્રવ્ય સાથે અનન્યપણું છે; હવે આત્મદ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ છે; તે ચૈતન્યસ્વભાવમાં તન્મય થયેલી પર્યાય પણ ચૈતન્યભાવ–રૂપ જ હોય, ને ચૈતન્યભાવમાં રાગાદિનું કર્તાપણું રહે નહિ; એટલે દ્રવ્યસ્વભાવમાં જેણે તન્મયપણું સ્વીકાર્યું તેની પર્યાયોનો ક્રમ શુદ્ધ ચૈતન્યભાવરૂપ જ હોય ને તેને રાગનું અકર્તાપણું જ હોય. ચૈતન્યદ્રવ્ય સાથે તન્મય પરિણમેલી પર્યાય રાગ સાથે તન્મય થાય નહિ.–ધર્મીજીવ પોતાના સ્વભાવના આશ્રયે આવી ચૈતન્યમય ક્રમબદ્ધપર્યાયરૂપે પરિણમતો થકો મોક્ષને સાધે છે. –આવું ફળ આવે તેને જ જીવ–અજીવના ક્રમબદ્ધપરિણામની ને સર્વજ્ઞની સાચી શ્રદ્ધા થઈ છે; એકલા પરિણામની શ્રદ્ધા નથી; પરિણામ સાથે અભેદ વર્તતા દ્રવ્યસહિત તેની પર્યાયને જાણે છે. પર્યાય સાથે દ્રવ્યનું અનન્યપણું કહીને આચાર્યભગવાને ઘણું રહસ્ય ખોલ્યું છે. અંદર આત્માનો જ્ઞાન–સ્વભાવ શું ચીજ છે તે બેઠા વગર એક્કેય વાતનું સાચું રહસ્ય સમજાય તેમ નથી. અને જ્ઞાનસ્વભાવમાં સ્વસન્મુખ થઈને આ વાતનું રહસ્ય જે સમજ્યો તે તો ન્યાલ થઈ જાય છે! તેને ભવના છેડા આવી જાય છે ને મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે.

જે અજીવનું કર્તાપણું પોતામાં માને અથવા રાગમાં તન્મય થઈને તેના કર્તાપણે પરિણમે, અને કહે કે અમને ક્રમબદ્ધપર્યાયની ઓળખાણ છે અથવા પર્યાયને દ્રવ્ય સાથે અમે અનન્ય માનીએ છીએ,–તો તેની વાત સાચી નથી. એણે દ્રવ્યસ્વભાવને જાણ્યો જ નથી, ને પરથી ભિન્નતા પણ જાણી જ નથી. દ્રવ્યસ્વભાવ સાથે અનન્યપણું માનતાં તો પર સાથે કર્તાકર્મની મિથ્યાબુદ્ધિ છૂટીને પર્યાય અંતરમાં સ્વસન્મુખ થઈને સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપ પરિણમી જાય છે. એમાં બીજા કોઈની અપેક્ષા રહેતી નથી.

જીવની જેમ અજીવની પર્યાયો પણ અન્યની અપેક્ષા વગર, પોતાના સ્વદ્રવ્યમાં જ કર્તાકર્મપણે થાય છે.

અહો, આવું નિરપેક્ષ વસ્તુસ્વરૂપ... તે જેના જ્ઞાનમાં બેઠું તેનું જ્ઞાન તો જગતથી નિરપેક્ષ થઈને આત્મામાં વળી ગયું... આત્માના આનંદને વેદતું – વેદતું તે મોક્ષ તરફ ચાલ્યું.

# પરમાગમની મધુરી પ્રસાદી

## સ્વાનુભૂતિના ઊંડાણમાંથી નીકળેલા ચૈતન્યસ્પર્શી ન્યાયો... એના વાચ્યને લક્ષગત કરતાં અમૃતસાગર ઊલ્લસે છે.

[ ગુરુદેવના પ્રવચનોમાંથી દોહન ]

* આત્માના પરમસ્વભાવનું અવલંબન કરતાં સમસ્ત પરભાવો છૂટી જાય છે. આત્માના અવલંબનરૂપ જે ધ્યાન છે તે જ સર્વ પરભાવના અભાવરૂપ હોવાથી, સર્વસ્વ છે એટલે કે તે ધ્યાનમાં સામાયિક પ્રતિક્રમણાદિ સર્વે ધર્મો સમાય છે.

* આત્માના પરમસ્વભાવના અવલંબન વગર પરભાવનો ત્યાગ થઈ શકે નહિ. આનંદમૂર્તિ આત્મામાં એકાગ્ર થતાં જે શુદ્ધતા થઇ તેમાં પરમાર્થ વ્રત–તપ વગેરે બધા આચાર સમાઈ જાય છે.

* અહા, ચૈતન્યવસ્તુ કોને કહેવાય? અનંત સ્વભાવથી ભરેલો આત્મા,–જેનું અવલંબન કરતા કોઈપણ પરભાવ ન રહે, ને અનંતા ગુણો નિર્ણય ભાવરૂપે પરિણમે, –એવો મહાન પદાર્થ આત્મા છે. તેમાં સ્વસન્મુખ થયેલી પર્યાયમાં અનંત ધર્મો સમાય છે.

* પોતાનું નિજતત્ત્વ, પરમભાવથી પરિપૂર્ણ, તેને જાણીને તેનું અવલંબન લેવું તે અપૂર્વ ધર્મ છે. જીવે કદી પોતાના નિજતત્ત્વનું અવલંબન પૂર્વે લીધું ન હતું, પરના જ અવલંબને શુભ–અશુભ પરભાવ જ કર્યાં હતા; તે પરભાવમાં ક્યાંય ધર્મ કે શાંતિ નથી. આસન્ન ભવ્ય જીવ અંતર્મુખ થઈને પોતાના પરમતત્ત્વને ધ્યાવે છે – તેમાં એકાગ્ર થાય છે – તેને સ્વના અવલંબને શુદ્ધતા થતાં અત્યંત અલ્પકાળમાં મોક્ષદશા પ્રગટે છે.

* તારે સમ્યક્ત્વાદિ ક્ષાયિકભાવ પ્રગટ કરવો હોય, ઉપશમભાવ પ્રગટ કરવો હોય, તો અંતરમાં તારા પરમસ્વભાવને લક્ષમાં લઈને તેમાં પર્યાયને એકાગ્ર કર. ભેદના–પર્યાયના અવલંબને કાંઈ શુદ્ધતા થતી નથી. અભેદસ્વભાવના અવલંબનરૂપ ધ્યાનમાં બધા ધર્મો સમાય છે.

* અહો, પોતાનું ઉત્કૃષ્ટસ્વભાવી પરમ આત્મતત્ત્વ, તે સ્વદ્રવ્ય છે, તે સ્વદ્રવ્યના અચિંત્ય–મહિમાને જાણતાં કોઇ પરદ્રવ્યના અવલંબનની બુદ્ધિ રહેતી નથી; કોઇ પણ પરદ્રવ્યના અવલંબનને શુભ–અશુભ રાગ થાય, તે પરભાવ છે; તેથી પરદ્રવ્યનું અવલંબન છોડીને જ્ઞાનાનંદરૂપ પરમ સ્વભાવનું પોતાનું અવલંબન કરવું, તે જ ભગવાન વીતરાગદેવનો માર્ગ છે. આવા વીતરાગમાર્ગમાં તો, પોતામાંય જ્ઞાનાદિના ભેદનું અવલંબન પણ છોડવા જેવું છે ત્યાં પરના અવલંબનની તો શી વાત? એકલા સ્વદ્રવ્યના અવલંબન સિવાય બીજા કોઇ માર્ગે મુક્તિ નથી, નથી.

* પરસન્મુખ પર્યાયવડે સ્વદ્રવ્યની શુદ્ધતા જણાય નહિ, ને તે પર્યાય પોતે પણ શુદ્ધ થાય નહિ. જે પર્યાય અંતર્મુખ થઈને જ્ઞાયકસ્વભાવની સેવા કરે છે –અનુભવ કરે છે તે જ પર્યાય પોતે શુદ્ધ થયેલી જાણે છે કે આત્મદ્રવ્ય આવું શુદ્ધ છે.–આમ ઉપાસના વડે આત્માની શુદ્ધતાને જાણે ત્યારે આત્મા પોતે શુદ્ધતારૂપે પરિણમે છે,–તે તેને ‘શુદ્ધ’ કહેવામાં આવે છે. ત્યાં ભાવશ્રુતપર્યાય અભેદ થઈ ગઈ છે, તેમાં કોઈ ભેદ–વિકલ્પ નથી.

* ભેદ વગરનું ભાવશ્રુતજ્ઞાન તે જ શુદ્ધાત્મજ્ઞાનનું સ્વરૂપ છે. જ્ઞાતાપણારૂપે જ પોતાને અનુભવતું જ્ઞાન, જ્ઞાતાથી ભિન્ન બીજા કોઈપણ ભાવને પોતાપણે વેદતું નથી. અન્ય કોઈ ભાવ જ્ઞાનપણે અનુભવાય – એવી યોગ્યતા જ તેનામાં નથી.

* જ્ઞાનસ્વભાવમાં જે ગઈ છે તે જ પર્યાયમાં સ્વભાવનો મહિમા આવ્યો છે, આત્મા પોતે તે વખતે તેવી ભાવશ્રુતપર્યાયરૂપે પરિણમ્યો છે; આત્મા પોતે કર્તા થઈને તેને કરે છે. ભાવશ્રુતના પરિણમનમાં તો અનંતગુણની શુદ્ધતા ભેગી છે, તેમાં કોઈ વિકલ્પ નથી, –ભેદ નથી. –આવી દશાને અનુભૂતિ કહો, ભાવશ્રુત કહો, શુદ્ધાત્મજ્ઞાન કહો, જ્ઞાયકભાવની ઉપાસના કહો.

* સમયસાર ગા. ૬–૭–૧૧–૧૩–૩૧–૩૮–૧૪૪ વગેરે અનેક ગાથામાં ભિન્નભિન્ન પ્રકારે આ જ વાત ભરી છે. અહો, એનાં વાચ્ય બહુ ઊંડાં છે. એ વાચ્યનો અનુભવ થવો જોઈએ. અહો, એની ગંભીરતાનો ને એના મહિમાનો પાર નથી, અનુભવથી જ તેનો પાર પડી શકે છે, સમયસાર તો સમયસાર છે... એમાં ભરેલા અમૃતના સાગર અમૃતચંદ્રદેવે ઉલ્લસાવ્યા છે.

* ભાવશ્રુતજ્ઞાન જ તેને કહેવાય કે જે જ્ઞાન શુદ્ધાત્માને જાણે. તે ભાવશ્રુતમાં સમસ્ત

દ્રવ્યશ્રુતનું વાચ્ય સમાય છે, કેમકે બધાય શ્રુતનો સાર તો શુદ્ધાત્મા છે. જે જ્ઞાનમાં શુદ્ધાત્માનું ચલણ ચાલે છે, શુદ્ધાત્મસન્મુખ થઈને તેને જે જ્ઞાન વેદે છે, તે જ્ઞાન રાગાદિભાવોથી જુદું જ રહેતું થકું તેને પરભાવરૂપે જાણે છે. જેટલું કર્મફળનું વેદન છે તેને પણ જ્ઞાન જાણે છે, પણ જ્ઞાન તે વેદનમાં તન્મય થતું નથી. જ્ઞાન પોતે શાંતિમાં તન્મય રહીને, રાગાદિ કષાયોને દુઃખરૂપ જાણે છે. જેટલો રાગ છે. તે તો જ્ઞાનીનેય દુઃખરૂપ જ છે; તે વખતે રાગથી જુદું જે જ્ઞાન શુદ્ધાત્માને જાણતું વર્તે છે તે જ્ઞાનમાં આનંદની લીલા છે, તેમાં દુઃખ નથી, તે દુઃખને વેદતું નથી. આમ બંને ધારા જુદી જુદી વર્તે છે, તેને જેમ છે તેમ જાણવા–યોગ્ય છે.

* જે ભાવશ્રુતજ્ઞાન શુદ્ધાત્માને પોતાના સ્વરૂપે જાણે તે રાગાદિભાવોને પોતાના સ્વરૂપે કેમ જાણે? આનંદકંદ એવો ચૈતન્યહીરલો જ્યાં હાથ આવ્યો ત્યાં રાગાદિ મલિનભાવોને હાથમાં કોણ પકડે? નિર્વિકારી ભાવમાં વિકારનું વેદન કેમ હોય? નિર્વિકાર જ્ઞાનમાં વિકારના વેદનની અયોગ્યતા છે. ચૈતન્યના મધુર રસમાં કર્મનો રસ કેવો? ચૈતન્યસન્મુખ થઈને તેને જાણનારું જ્ઞાન તો ચૈતન્યના રસને જ વેદે છે, રાગના રસને તે વેદતું નથી. રાગ વખતે શુદ્ધાત્મજ્ઞાન જીવતું છે, જ્ઞાનની હયાતી છે. – તે જ્ઞાનની અપેક્ષાએ તો જ્ઞાની મુક્ત જ છે... તેની પર્યાય મિથ્યાત્વરાગાદિભાવોથી છૂટી છે એટલે તે મુક્ત જ છે. (જુઓ સમયસાર કળશ ૧૯૮)

* અહા, પંચમકાળમાં પણ વીતરાગી અમૃતની નદી ચાલી રહી છે. ભગવાને જે ઉપદેશ આપ્યો તે ઝીલીને, કુંદકુંદસ્વામીએ ભરતક્ષેત્રમાં તેનો પ્રવાહ વહેવડાવ્યો છે... તે પ્રવાહ અત્યારે પણ ચાલી રહ્યો છે. અહો, એના મહિમાનું શું કહેવું?

## જિનમંદિરોને સૂચના -

- જિનમંદિરમાં ચામડાની કોઈ પણ વસ્તુ (વાજિંત્ર વગેરે પણ) રાખવી ન જોઇએ, વાજિંત્રમાં વપરાતું ચામડું ઘણું અશુદ્ધ હોય છે, ઢોરના પેટની અંદરના હોજરીના ચામડામાંથી તે બને છે. માટે દરેક જિનમંદિરોએ આનો સંપૂર્ણ અમલ કરવો જરૂરી છે.
- બીજું રાતના અંધારાના ભાગમાં પૂજનસામગ્રી-અભિષેક વગેરે ક્રિયાઓ કરવાનો બધા શ્રાવકાચારમાં સ્પષ્ટ નિષેધ છે. જેમ રાત્રિભોજનનો નિષેધ છે તેમ રાત્રિના ભાગમાં પૂજન - અભિષેકનો પણ નિષેધ છે. શુદ્ધ આમ્નાય જાળવવા અને ત્રસહિંસાથી બચવા આ બાબત પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. સૂર્યોદય પછી જ તે ક્રિયાઓ કરવી જોઈએ.

# જ્ઞાન બીજ

કલકત્તા શહેરમાં જન્મજયંતી વખતે ત્યાંના ઉત્સાહી બાળકોએ એક સચિત્ર રંગબેરંગી હસ્ત લિખિત ‘જ્ઞાનબીજ’ નામનો અંક ગુરુદેવને અર્પણ કરેલ, તેમાંથી થોડોક નમૂનો અહીં આપ્યો છે. બાળકોનો ઉત્સાહ અને ભાવના પ્રશંસનીય છે. – બ્ર. હ. જૈન

* હે ગુરુદેવ ! આત્મસાધનાના પ્રયત્નથી ભરેલું આપનું જીવન આત્માર્થીઓને માટે એક આદર્શરૂપ છે. આત્માની સાધના એ જગતનું સર્વોત્કૃષ્ટ અભિનંદનીય કાર્ય છે.

* બંધુઓ, ભગવાનનો સર્વ ઉપદેશ ૐમાં સમાય છે. તે ૐ દ્વારા ગુરુદેવ આપણને એમ કહે છે કે ૐના વાચ્યરૂપ શુદ્ધાત્મા, તેની તમે સ્વાનુભૂતિ કરો.

  જેમ ઓમ માં બધી ભાષા સમાય છે તેમ સ્વાનુભૂતિમાં આત્માના બધા ધર્મો સમાય છે. સ્વાનુભૂતિ તે જ જ્ઞાનબીજ છે.

* હે ગુરુદેવ ! આપે અનેક આત્માર્થીઓને આત્મજીવન આપ્યું છે. આત્માર્થી બાળકોના આપ જીવનરક્ષક છો. પરમવાત્સલ્યથી આપ અમને મોક્ષમાર્ગ પ્રત્યે દોરી રહ્યા છો. ... આપશ્રીના ઊંડા– ઊંડા પવિત્ર અધ્યાત્મજીવનને ઓળખવાની અને તેને અનુસરવાની અમને શક્તિ આપો.

* સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો આપો છો ઉપદેશ;
  મિથ્યાત્વનો ધ્વંશ કરવા આપો છો આદેશ;
  જૈનધર્મનો મર્મ સમજાવી દૂર કર્યું અજ્ઞાન,
  ભવસાગરથી તરવા અમને આપ્યું સમ્યગ્જ્ઞાન.

* હે નાથ ! તમારી વાણી દ્વારા ચૈતન્યના અમૃતનું રસપાન કરતાં અમને મોક્ષ જવાની એવી લગની લાગી છે કે હવે આ રાગ–દ્વેષથી ભરેલા સંસારમાં એક ક્ષણ માટે પણ રહેવું ગમતું નથી. આપે અમને સાચું સ્વરૂપ બતાવ્યું છે.

અમારા સાચા સ્વરૂપની અમને એવી તો ધગશ લાગી છે કે હવે અમારું મન મોહ–માયાથી ભરેલા આ સંસારથી વિરક્ત થઈ ગયું છે. હવે તો એમ જ થાય છે કે આનંદ.... આનંદ..... આનંદથી ભરપૂર એવા મોક્ષની પ્રાપ્તિ કરી લઉં.

[ કલકત્તાના કહાન – બાલમંડળના નાનકડા સભ્યોનું ભાવભીનું લખાણ આપ વાંચી રહ્યા છો. ]

* અરે જીવ ! અનંતકાળથી નથી મળી એવી ડીગ્રી આ આત્માના ભણતરથી તને મળી જશે.' –બાલમંડળના બાળકોએ ગુરુદેવના આ કથનને બરાબર લક્ષ્ય બનાવ્યું છે.

* શનિ–રવિવારે ભક્તિ–પૂજનના કાર્યક્રમમાં તો, દરેક બાલ–સભ્ય જાણે અરિહંત બનવાની ઉત્કંઠા સેવતો હોય ! એવું અનુપમ દ્રશ્ય થઈ જાય છે.

* બાલમંડળ સ્થપાયા પછી દરેક નાના–મોટા સભ્યો એકબીજા સાથે ગાઢ પરિચયમાં આવ્યા..... અને આપણે બધા સાધર્મી ભાઈ–બેનો છીએ તેવી ઊંચી ભાવના પેદા થઇ. સાધર્મી બંધુઓ પ્રત્યેની અપાર લાગણી એ પણ આપણા ઉમદા સંસ્કારનું કારણ છે.

[ યાદ રહે કે આ બાલમંડળ સ્થાપનાની મૂળ પ્રેરણા 'આત્મધર્મ' ના બાલવિભાગે જગાડી છે. બાળકોને યોગ્ય ઉત્સાહ ને દોરવણી આપવામાં આવે તો તેઓ કેટલું સુંદર કાર્ય કરી શકે છે ! ને જૈનશાસનના વિકાસમાં કેવો સુંદર ફાળો આપી શકે છે ! તેનું આ એક ઉદાહરણ છે. માટે જ વારંવાર કહેવામાં આવે છે કે –

**પ્રભાવના જિનધર્મની જગમાં ચાહો મહાન,**
**સમાજનાં સૌ બાળને આપો તત્ત્વનું જ્ઞાન.**

* સભ્યોમાં ઘણી ભક્તિ–ભાવના – ઉત્સાહ– જિજ્ઞાસા છે; અંદરની આત્મભાવના ઘણી જાગૃત છે. તેમાં ખૂબ આગળ વધવા માટે આ આધ્યાત્મિક અંક ( જ્ઞાનબીજ ) બહાર પાડેલ છે. તેની અંદર, ધાર્મિક સંસ્કારનું સીંચન થાય અને વીતરાગભાવ જગાડે એવા વિષયોનો સંગ્રહ કર્યોછે. જિનવરનાં સૌ સંતાન શ્રદ્ધા – જ્ઞાન – ચારિત્રના હલેસાદ્વારા ભવસમુદ્રને તરીને મોક્ષમાં સાદિ – અનંત ભગવાનનો સાથ પામે... એ જ અભ્યર્થના. – જય જિનેન્દ્ર.

* હે ગુરુદેવ ! આપ તો અમારા ધર્મપિતા, ને અમે આપના બાળક. અમારા જીવ–

નનું મહાન સૌભાગ્ય છે કે અમે આપના પરિવારના થયા. હવે સદાય આપની સાથે ને સાથે રહીને, આપની મંગળ છાયામાં આપના આશીર્વાદથી સમ્યક્ત્વાદિ આત્મલાભને પ્રાપ્ત કરીએ, ને ચોરાશીના ફેરાથી છૂટીએ...એવી પ્રાર્થના કરીએ છીએ.

* અહો, મુનિરાજની દશા! વન–જંગલની વચ્ચે વાસ, અંતરમાં અનંતગુણોના અભેદપિંડમાં વાસ; બહાર શીતળ હવાથી લહેરાતું વાતાવરણ, અંદરમાં ઊઠતી શાંતપરિણતિની શીતળ લહરીઓ; બહારમાં ધન–વસ્ત્ર ઘરબારનો ત્યાગ, અંદર શુદ્ધ રત્નત્રયનાં મહા નિધાન; બહારમાં શત્રુ–મિત્ર પ્રત્યે સમભાવ. અંદર અનંત ગુણની અભેદ પરિણતિરૂપ સમભાવ; કેવી–અદ્ભુત છે –આ જૈનમુનિની દશા! એવા મુનિને અમારા લાખો–કરોડો વંદન હોજો.

**કાયાસે મમતાકો ટારી, કરતે સહન પરિસહ ભારી,**
**પંચ મહાવ્રતકે હો ધારી, તીન રતનકે બને ભંડારી.**

આત્મસ્વરૂપમેં ઝુલતે... . કરતે નિજ આતમ ઉદ્ધાર....... કિ તુમને છોડા સબ સંસાર.

* વનમાં રહેતા હોવા છતાં મુનિનો સાચો વાસ તો અનંતગુણધામ નિજ આત્મામાં છે; તેમને કદી એમ એકલાપણું નથી લાગતું કે તેઓ વનમાં રહે છે.... તેમને તો એમ જ છે કે અમે અમારા નિજ અંતરમાં અનંતગુણના કુટુંબ સાથે આનંદથી રહીએ છીએ. આ રીતે મુનિ નિજધામમાં જ વાસ કરીને નિજ આત્મવૈભવને ભોગવે છે; બહારના વૈભવ સાથે તેમને કાંઈ જ સંબંધ નથી. –આવા મુનિવરો નિસ્પૃહપણે જગતના જીવોને આત્મહિતનો ઉપદેશ આપે છે. –જાણે અમૃત ઝરતું હોય! આવા આત્મવૈભવધારી મુનિવરોને કોટિકોટિ વંદન......અને આપણે પણ એવી મુનિદશા પ્રાપ્ત કરીએ એવી અંતરની ભાવના.

* હે આત્મા! તું અનંત ગુણોના વૈભવથી ભરેલો ચૈતન્યરાજા છો. ચૈતન્યરાજા થઈને પણ તું એક ભીખારીની જેમ પર પાસેથી સુખ લેવા માટે શુભાશુભ ભાવો પાછળ કેમ ફરી રહ્યો છે! અનાદિ કાળથી તારા ખરા સ્વરૂપ તરફ તેં ધ્યાન નથી દીધું.

સિદ્ધ ભગવાનને જો! તેઓ પોતાની મોક્ષદશામાં બિરાજી રહ્યા છે ને પરમ સુખ મ્હાલી રહ્યા છે. તે પણ તારી જેમ જ અનંત ગુણના પિંડ

આત્મા છે, તેમણે પોતાના ખરા સ્વરૂપને ઓળખીને તે પ્રગટ કરી લીધું છે. સુખી થવા માટે તું પણ એમ કર.

* હે ભવ્ય જીવ ! તારા આત્મામાં અને સિદ્ધભગવંતોના આત્મામાં જરાય તફાવત નથી; તો પછી સિદ્ધભગવંતો શા માટે મોક્ષસુખમાં, ને તું શા માટે સંસાર દુઃખમાં ! તેનો વિચાર કર. તેનું કારણ એ જ છે કે સિદ્ધ ભગવંતોએ પોતાના આત્માનું સાચું સ્વરૂપ ઓળખીને પોતાનું સાચું સુખ પ્રગટ કર્યું છે; જ્યારે તું સુખ પ્રગટ કરવા તારા સાચા સ્વરૂપ તરફ ધ્યાન ન આપતાં પરની પાસેથી આશા રાખી રહ્યો છે. પરની સામે ધ્યાન રાખવાથી સુખ કદાપિ પ્રાપ્ત થવાનું નથી – કેમકે તેમાં તારું સુખ નથી. સુખ નથી. સુખ ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે જીવ પોતાના આત્માના સાચા સ્વરૂપને ઓળખે અને તેમાં એકાગ્ર થઇને તે પ્રગટ કરે.

* હે જીવ ! તું એમ સમજે છે કે પરની સામે જોવાથી સુખની પ્રાપ્તિ થાય છે, પણ તે ખોટું છે. તારો આત્મા પરમ સુખનો દરિયો છે, તેમાં જોતાં સુખ થાય છે.

તું ચૈતન્યરાજા સુખસમૃદ્ધિથી ભરપૂર હોવા છતાં, પરની પાછળ પડયો છે ને પર પાસે સુખની ભીખ માંગી રહ્યો છે, – એ એક ઘણી જ દુઃખદાયક અને ઘણી જ શરમજનક વાત છે.

પરમાંથી તને સુખ મળે એ ત્રણકાળમાં શક્ય નથી. જ્યારે તે શક્ય નથી તો શા માટે નકામો પર પાસે ભીખ માંગવા જાય છે ? તારે તો તારા ચૈતન્યપૂર્ણ આત્માને ઓળખીને તેને અનુભવવો જોઇએ. –તેથી તને પણ સિદ્ધ ભગવંતોની જેમ પૂર્ણસુખની પ્રાપ્તિ થશે. પરમાંથી સુખ લેવાનું–કે જે અશક્ય છે–તેની પાછળ નકામી જીંદગી ગુમાવવા કરતાં, સ્વમાંથી સુખ લેવાનું –કે જે શક્ય છે –તેનો ઉદ્યમ કર ને ! અત્યારે સમય છે માટે ઝટ કરી લે.

* એક માણસની તિજોરીમાં કરોડો સોનામહોર પડી છે, પણ તેનું ભાન ન હોવાથી તેનો દીકરો બહારના માણસો પાસે ભીખ માંગે છે, પોતાની તિજોરીમાં જ જે મિલ્કત છે ને જેનો પોતે માલિક છે – તેની તેને ખબર નથી. તેમ આત્મા પણ પોતાની પાસે અંતરમાં અનંતગુણની સંપત્તિ ભરી હોવા છતાં, પોતાની સંપદાની તેને ખબર નથી એટલે સુખ–શાંતિ–જ્ઞાન–આનંદ માટે તે બહારના

વિષયોની ને રાગની રુચિ કરીને તેની પાસે ભીખ માંગી રહ્યો છે, પોતામાં જ જે સુખસંપત્તિ છે તેને ભોગવતો નથી.

જેમ તે કરોડપતિના દીકરાના કોઈ સંબંધી–હિતસ્વી, કે જેને તેની મૂડીની ખબર છે, તે તેને કહે કે ભાઈ, તું ધન વગરનો નથી, તારી પાસે તો સોનામહોરોના ઢગલા છે. જો આ તિજોરીમાં સોનામહોરો ભરી છે તે તારી જ છે, તું જ તેનો માલિક છો. –તે સાંભળીને અને પોતાની અપાર સંપત્તિ દેખીને તે કેવો આનંદમાં આવી જાય છે! તેમ અહીં જીવના પરમ હિતસ્વી જ્ઞાની સંતો અનંત ચૈતન્યસંપદાને દેખીને કહે છે કે હે જીવ! તું ગરીબ–દુઃખી નથી, જ્ઞાનસુખની અનંત સંપત્તિ તારામાં ભરી છે. જે સુખ મેળવવા માટે તું બહારમાં પરવસ્તુમાં ફાંફાં મારે છે તે તો તારામાં જ ભરપૂર ભર્યું છે. જે અનંત જ્ઞાન –સુખસ્વભાવ છે તે તારો જ છે, તું જ તેનો માલિક છો. બહાર ક્યાંય શોધવા જવું પડે તેમ નથી, અંદર તારામાં જ દેખ. અહા! જ્ઞાની–સંતોની આ વાત સાંભળતાં ને પોતાની અનંત ચૈતન્યસંપદા પોતામાં દેખતાં જીવને કેવો અદભુત મહાન પરમ આનંદ થાય છે!

* વાહ રે વાહ! આત્મા તું સાચો મહાત્મા છો...... જ્ઞાયક તે જગતનો નાયક છે. જ્ઞાયકભાવથી ભરેલો પરમ આનંદથી પૂરો, અને ઇન્દ્રિયોથી પાર એવો મહાન અતીન્દ્રિય પદાર્થ આત્મા પોતે છે. આવા મહાન ચૈતન્યની અનુભૂતિથી ઊંચું કે સુંદર જગતમાં બીજું કાંઈ જ નથી.

* આત્માની આનંદસાધનામાં જગતની કોઈ વસ્તુ બાધક થતી નથી તો ક્રોધ કોના ઉપર કરવો?

  આત્માની આનંદસાધનામાં જગતની કોઈ વસ્તુ સહાયક થતી નથી તો રાગ કોના ઉપર કરવો?

* જ્ઞાનીની સેવા રાગ વડે થતી નથી, જ્ઞાનીની સેવા જ્ઞાનવડે જ થાય છે. રાગથી ભિન્ન જ્ઞાનરૂપે જે પરિણમ્યો તેણે જ જ્ઞાનીની સાચી સેવા કરી.

* **મોક્ષ એટલે સુખ.... તેનો માર્ગ તે પણ સુખ.**
  **રાગ તે દુઃખ છે... તે સુખનો માર્ગ નથી.**

રાગને મોક્ષનો માર્ગ માનવો તે તો દુઃખને સુખ માનવા જેવું છે.
રાગ તે સુખનો માર્ગ નથી, રાગ તો દુઃખનો માર્ગ છે.
રાગથી રહિત જ્ઞાનસ્વરૂપ આત્માને સાધવો તે સુખનો માર્ગ છે.

* આનંદધામમાં શોક શા? સુખધામમાં દુઃખ શા?
જ્ઞાનધામમાં રાગ શા? મુક્તિમાર્ગમાં મુંઝવણ શી?

* જૈનધર્મનો સાચો મર્મ...... શુદ્ધભાવથી તૂટે કર્મ.
આતમતત્ત્વ જગમાં અજોડ..... લક્ષને જોડ, ભવને તોડ.
સંતોની વાત ટૂંકી ને ટચ...... સ્વમાં વસ, પરથી ખસ.
લાખ વાતની એક જ વાત..... લખ આતમને તું હે ભ્રાત!

* શાંત – ચૈતન્યરસથી ભરેલા તારી નિર્મળપર્યાયરૂપી કળશ વડે તું તારા પરમાત્માનો અભિષેક કર.... જેથી તારા પરભાવરૂપી મેલ ધોવાઈ જશે.

* ગુરુ – પારસમણિના જ્ઞાનસ્પર્શદ્વારા અમારું અજ્ઞાન દૂર થાઓ..... સમ્યક્ત્વાદિ સુવર્ણભાવ જાગૃત થાઓ.

* શ્રીગુરુ એવો ચૈતન્ય – પારસમણિ બતાવે છે કે જેનો સ્પર્શ થતાં પરિણતિ પણ તેના જેવી જ બની જાય છે.

[ઉત્તમ ભાવનાપૂર્વક આવું ધાર્મિક લખાણ લખવા બદલ બાળકોને ધન્યવાદ.]

**એક બીજ ગઈને બીજી મંગળ બીજ નજીક આવી રહી છે ત્યારે આ ‘જ્ઞાનબીજ’ સૌને ગમશે.... બીજને સાચી રીતે ઉજવવા ‘જ્ઞાનબીજ’ પ્રગટ કરો.**
**જ્ઞાનબીજવંતા જ્ઞાનીઓને નમસ્કાર હો.**

## સહેલું

જ્ઞાનીને ચક્રવર્તીનું રાજ પણ છોડવું – એકદમ સહેલું કેમ પડે છે?

કેમકે, તેનાં કરતાં જુદી જાતનું, ઘણું ઊંચું–મહાન–શાશ્વત આનંદમય ચૈતન્યરાજ તેણે પોતામાં પ્રાપ્ત કર્યું છે. તે ચૈતન્યરાજ પાસે ચક્રવર્તીનું રાજ પણ છોડવું એકદમ સહેલું છે.

# જીતો ક્ષમાથી ક્રોધને

## રાગ આગ દહૈ સદા, તાતેં સમામૃત સેવીએ

અરે જીવ! ક્રોધ તારો સ્વભાવ નથી, શાંતિ તારો સ્વભાવ છે. શાંતિના તારા સમુદ્રમાં ક્રોધવડે તું આગ ન લગાડ. શાંતરસના તારા ચૈતન્યસમુદ્રમાંથી કાંઈ રાગ – દ્વેષના તણખા ન નીકળે... . એમાંથી તો શાંતિ અને સુખના વીતરાગી અમૃત નીકળે, તારા ક્ષમાદિ ભાવોમાં અનંતી તાકાત છે તેને સંભાળ, ને ક્રોધાદિને જીતી લે. અજ્ઞાનને લીધે રાગાદિ પરભાવની આગમાં તું સદા બળી રહ્યો છે, ભાઈ! હવે તારા શાંત ચૈતન્યસમુદ્રમાંથી અમૃત પી..... ને એ અમૃતના પાનવડે રાગની આગને બુઝાવી નાંખ.

**[ નિયમસાર ગાથા ૧૧૫ તથા છહ્‌ઢાળા - પ્રવચનમાંથી ]**

આત્માના પરમ શાંતસ્વભાવના સેવન વડે જ ક્રોધાદિ કષાયોને જીતી શકાય છે. અરે જીવ! તું તો સર્વજ્ઞસ્વભાવી મહાન તત્ત્વ પરમ શાંતરસનો સમુદ્ર છો... છતાં રાગની આગમાં કેમ બળી રહ્યો છો? ભાઈ, તેનાથી જુદો પડીને તારા સમતારસનું સેવન કર.

જરાક પ્રતિકૂળતા આવે, કોઈ નિંદા કરે, ગાળ દે, હલકા આળ નાંખે ત્યાં તને ક્રોધની આગ કેમ ભભૂકી ઊઠે છે? – એમાં તો તારો આત્મા દાઝે છે. બીજા નિંદા કરે તેથી કાંઈ તને નુકશાન થઈ જતું નથી, તારા ક્રોધથી તને નુકશાન થાય છે. માટે ક્ષમારૂપી ચૈતન્યના શાંતરસ વડે ક્રોધાગ્નિને બુઝાવ. અહો, પરમ શાંતરસમય ક્ષમા, તે તારા ચૈતન્યનું સ્વરૂપ છે, તે વીતરાગી સમતારસનો સ્વાદ લે. આ ચૈતન્યની ક્ષમાના શાંતરસના સ્વાદ પાસે, ક્રોધાદિ કષાયભાવો તો તને અગ્નિ જેવા લાગશે. શાંતિના હિમાલયની ઠંડકમાંથી બહાર નીકળીને ક્રોધના અગ્નિમાં કોણ જાય? અહીં ક્રોધનું દ્રષ્ટાંત છે, તેની જેમ સમસ્ત અશુભ કે શુભ રાગરૂપ જે વિભાવભાવો છે તે બધાય ચૈતન્યની શાંતિ પાસે તો આગ જેવા છે. અજ્ઞાની ચૈતન્યને ભૂલીને સદા રાગની આગમાં

બળી રહ્યો છે. જ્ઞાનીને પણ જેટલો રાગ છે તેટલી અશાંતિ છે. રાગ તે આગ છે, તેના વગરની વીતરાગી ચૈતન્યશાંતિ તે આત્માનું સ્વરૂપ છે. હે ભાઈ! વીતરાગી સમતારૂપી જળવડે તું રાગની આગને બુઝાવ. હે ભાઈ! ક્ષમાવડે તું ક્રોધને જીતી લે. શાંતરસના દરિયાથી ભરેલું આ ચૈતન્યતત્ત્વ, તેના અનુભવમાં કોઈ કષાય કે કોઈ રાગ–દ્વેષ સમાય નહીં, એટલે તેનો અનુભવ કરતાં કષાયો જીતાઈ જાય છે.

શાંતિમાં તો રાગાદિ છે જ નહિ. ધર્માત્માને જેટલી શાંતિ પ્રગટી છે તે તો કષાયથી જુદી જ છે, તે શાંતિમાં દુઃખનું વેદન નથી; પણ હજી જેટલો રાગ છે, જેટલા ક્રોધાદિ કષાયો છે તેટલું દુઃખનું વેદન પણ છે; તેને ધર્મી ક્લેશરૂપ સમજે છે. આમ ધર્મીને એકબાજુ વીતરાગી શાંતિનું વેદન છે ને એકબાજુ સંસારનો ક્લેશ પણ છે, –બંને ધારા એકબીજાથી વિરુધ્ધ જાતની હોવા છતાં ધર્મીને એકસાથે તે બંને ધારા વર્તે છે, –એવી આશ્ચર્યકારી ધર્મીની દશા છે.

એકકોર સિદ્ધ જેવો અતીન્દ્રિય મહા આનંદ પણ વર્તે છે, સાથે કષાયોનો ક્લેશ પણ વર્તે છે; જ્ઞાનભાવથી કષાયભાવ જુદો છે –એમ ધર્મી જાણે છે, છતાં જે અલ્પ પણ કષાય છે તે ચૈતન્યની શાંતિની પૂર્ણતાને અટકાવે છે ને ક્લેશ આપે છે. –આમ ધર્મીજીવ પોતાની દશાના બંને પ્રકારોને જેમ છે તેમ બરાબર જાણે છે; ને વીતરાગી ક્ષમાદિ ભાવો વડે ક્રોધાદિ પરભાવોને તે દૂર કરે છે, –તેને ક્રોધાદિના અભાવરૂપ સામાયિક હોય છે. સામાયિકમાં તો પરમ શાંતિ છે.

અરે, અંદરના ચૈતન્યપાતાળ ફાટીને તેમાંથી જે વીતરાગી શાંતિ નીકળી, તે શાંતિની શી વાત! ચૈતન્યમાંથી આવેલી એ અપાર શાંતિને કોઈ પ્રતિકૂળ સંયોગો ડગાવી શકે નહિ; કોઈ સંયોગો તે શાંતિને હણી શકે નહિ. જુઓને, શત્રુંજય પર ચારેકોર અગ્નિના ભડકા પણ પાંડવોની શાંતિને હણી શકયા નહિ; એ તો ચૈતન્યની શાંતિના બરફ વચ્ચે બેઠા હતા.

પોતાની પરિણતિને અંતરમાં એકાગ્ર કરીને તેમાં ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ નિજ આત્માને ધારણ કર્યો ત્યાં હવે તે પરિણતિમાં ક્રોધાદિનો અવકાશ જ ન રહ્યો, એટલે ત્યાં ખરેખર ક્ષમા, સામાયિક અને 'પ્રાયશ્ચિત્ત' છે, ઉત્કૃષ્ટ જ્ઞાનપરિણતિ થઈ તે પોતે જ પ્રાયશ્ચિત છે, તેમાં સર્વ દોષનો અભાવ છે. અંતર્મુખ પરિણતિએ ક્રોધાદિ ભાવને ધારણ ન કરતાં, પોતામાં પોતાના ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવને ધારણ કર્યો, તે જ પ્રાયશ્ચિત્ત છે. ઉત્કૃષ્ટ જ્ઞાનને

ધારણ કરીને તેણે ક્રોધાદિ કષાયોને જીતી લીધા ને પરમ સમરસભાવરૂપ પોતે થઈ ગઈ, આવી પરિણતિ તે પોતે સામાયિક છે.

જુઓને, પાંડવો! શરીર બળે છે છતાં ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવમાં ઊતરીને એવા મશગુલ થયા કે શાંતરસમાંથી બહાર જ ન નીકળ્યા. જડ શરીર બળતું હતું પણ આત્મા તો ચૈતન્યના શાંતરસમાં ઠર્યો હતો. શાંતરસમાં લીનતા આડે કોઈ વિકલ્પનો અવકાશ ન રહ્યો, ને પરમ વીતરાગી ક્ષમા ધારણ કરીને કેવળજ્ઞાન પામીને, શત્રુંજય પરથી મોક્ષ પામ્યા; અત્યારે પણ ત્યાં જ ઉપર લોકાગ્રે સિદ્ધાલયમાં બિરાજે છે, ને અનંતકાળ સુધી અનંત વીતરાગી સુખમાં જ લીન રહેશે. પર્યાયમાં જે અનંતસુખ વગેરે પ્રગટે છે તે બધુંય સ્વભાવમાં ભર્યું છે. આવા સ્વભાવને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–ચારિત્રમાં સ્વીકારવો તે જ સર્વ દોષના અભાવરૂપ ને શુદ્ધ જ્ઞાનના પ્રકાશરૂપ પ્રાયશ્ચિત્ત છે. ધર્મીજીવને પોતાના પરમતત્ત્વની પ્રાપ્તિથી પરમ સંતોષ થયો, સ્વાનુભૂતિથી પરમ તૃપ્તિ થઈ, ત્યાં પરદ્રવ્યની આશા ન રહી, લોભ ન રહ્યો –આ રીતે પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષ વડે જ લોભ વગેરેને જીતી શકાય છે.

## 卐 ધર્માત્માની પર્યાયમાં ઉલ્લસતો આનંદનો સમુદ્ર 卐

[ અષાઢ વદ સાતમ: નિયમસાર ગાથા ૧૨૧ ]

અંતર્મુખ થઈને જેણે નિજકારણપરમાત્માને જાણ્યો છે ને મિથ્યાત્વાદિ ભાવોને છોડીને જેણે પ્રાયશ્ચિત કર્યું છે – ચિત્તને ઉજ્વળ કર્યું છે – તે ધર્મીજીવ કહે છે કે અહો! ચૈતન્યસુખનો ઢગલો અમને પ્રગટ થયો છે, સહજ સુખથી ભરેલો ચૈતન્યચમત્કાર આત્મા અનુભવમાં આવ્યો છે; આવા આત્મસુખને અમે સર્વદા અનુભવીએ છીએ, અને એનાથી વિરુધ્ધ ભવસુખના (–ખરેખર ભવદુઃખના) કારણરૂપ પરભાવોને અમે આત્માની શક્તિથી સર્વ પ્રકારે છોડીએ છીએ; કાયાને અને માયાને (–કાયા તરફના ભાવોને) છોડીને, અમારી પરિણતિને અમે ચૈતન્યસુખમાં જોડી દીધી છે. અરે, અમારી આવી સહજ આત્મસંપદા –કે જે અમારા હૃદયમાં જ છે ને અમારી સ્વાનુભૂતિનો જ વિષય છે –તેને પૂર્વે એક ક્ષણ પણ અમે જાણી ન હતી; હવે આનંદમય ધ્યાનવડે અમારી આવી અદ્‌ભુત આત્મસંપદાને અમારા અંતરમાં અમે પ્રગટ સ્વસંવેદનથી જાણી છે, ને તેને જ સદાય અનુભવીએ છીએ.

અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન આત્મા, તેમાં સન્મુખ થતાં સમ્યગ્દર્શનમાં

આત્માના સહજ આનંદનો સમુદ્ર ઉલ્લસે છે; ને પછી ચારિત્રમાં તો ઘણો આનંદનો સમુદ્ર ઉલ્લસે છે. બાપુ! આ જીંદગીનું આયુષ્ય તો મર્યાદિત છે, તે ક્ષણેક્ષણે ઘટતું જાય છે, ને તારો વખત બહારનાં કામમાં ચાલ્યો જાય છે. કરવાનું આ ખરું કામ બાકી રહી જાય છે, – તો જીવનમાં તેં શું કર્યું? અરે, આત્માના કલ્યાણ વગર જીવન ચાલ્યું જાય તો તે શું કામનું? આત્માનું સમ્યક્ જ્ઞાન કરવું તે જ્ઞાનની ખરી કળા છે, તે જીવનમાં કરવા જેવું કામ છે ને તે જ ભણવા જેવું ભણતર છે. આત્માના અતીન્દ્રિય આનંદને સ્પર્શીને જે જ્ઞાન પ્રગટયું તે જ્ઞાન મોક્ષને સાધે છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં આત્માનો અતીન્દ્રિય આનંદ છે. જેમ ક્ષીરસાગર તે દૂધનો દરિયો છે (એનું પાણી જ દૂધ જેવું છે) તેમ ચૈતન્યસમુદ્ર આત્મા તે આનંદનો મહા સમુદ્ર છે, તેમાં સન્મુખ થતાં આનંદના હીલોળા પર્યાયમાં ઉછળે છે. જે આનંદનો દરિયો હોય તેના મોજાં પણ આનંદરૂપ જ હોય ને? વીતરાગચારિત્રવંત મુનિઓ.... તે તો સિંહ જેવા સંતો, ચૈતન્યના આનંદની મસ્તીમાં મસ્તપણે વનમાં વસતા હોય છે. અંદર ચૈતન્યરસનો સ્વાદ લેવામાં અવિચલપણે એવા ચોંટયા છે કે ઉપસર્ગાદિથી પણ ડગતા નથી. અહા, ચૈતન્યના આનંદને સાધનારા આવા સંતોને નમસ્કાર છે. સમ્યગ્દ્રષ્ટિ ને પણ આત્માના આવા આનંદનો અનુભવ છે; ભલે થોડો, પણ મુનિ જેવા અતીન્દ્રિય આત્મઆનંદનો સ્વાદ સમ્યગ્દર્શનમાં ધર્મીને આવ્યો છે. વાહ, ધન્ય અવતાર! આત્માના આનંદને સાધીને એણે અવતારને સફળ કર્યો છે.

જેમ જન્મકલ્યાણકમાં ક્ષીરસાગરના નિર્મળ જળશી કળશ ભરીભરીને તીર્થંકર–પરમાત્માનો જન્માભિષેક સૌધર્મ–ઐશાનઇન્દ્રો કરે છે, તેમ આનંદરસનો ક્ષીરસમુદ્ર આત્મા, તેમાંથી સમ્યક્ત્વના કળશ ભરી–ભરીને આનંદજળથી તારા આત્માનો અભિષેક કર....આનંદના સમુદ્રમાં આત્માને તરબોળ કર. ભાઈ, અત્યારે આવા કલ્યાણનો અવસર છે. અહા, સીમંધર પરમાત્મા પાસેથી આવો ઊંચો માલ લાવીને કુંદકુંદાચાર્યદેવે આ ભરતક્ષેત્રના જીવોને આપ્યો છે. ધર્મના આડતિયા તરીકે આવો ઊંચો માલ લાવ્યા છે. અહો, ભરતક્ષેત્રના સંત....તેમણે સદેહે વિદેહક્ષેત્રની યાત્રા કરી ને સાક્ષાત પરમાત્માના ભેટા કર્યાં; તેમણે બતાવેલો આ માર્ગ છે. તેઓ ભરતક્ષેત્રમાં જૈનશાસનની પ્રભાવના કરનારા મહાન સંત છે. તેમણે દર્શાવેલો માર્ગ અત્યારે ચાલી રહ્યો છે.

સંતોના હૃદયમાં પરમાત્મતત્ત્વ પ્રસિદ્ધ છે; તેના સહજ સુખને અનુભવનારા

ધર્માત્મા ભવસુખને પણ અત્યંત છોડે છે; – ભવસુખનું કારણ તો પુણ્ય – શુભરાગ છે, તે રાગને અને પુણ્યને ચૈતન્યસુખથી જુદા જાણીને ધર્મી પોતાની શક્તિથી તેને છોડે છે, અત્યંત છોડે છે. ભવસુખ એટલે પુણ્યના ફળરૂપ સ્વર્ગાદિનાં સુખ, – તે કાંઈ ખરેખર સુખ નથી, તે તો કલ્પનામાત્ર સુખ છે; ખરું સુખ એટલે આત્મિકસુખ તો સહજ ચૈતન્યપરમતત્ત્વના અનુભવમાં જ છે. આવા સુખને ધર્મી નિરંતર અનુભવે છે; ને એના સિવાયના સમસ્ત શુભાશુભને ભવદુઃખનું કારણ જાણીને છોડે છે. તે જાણે છે કે અમારી દ્રષ્ટિમાં, અમારા જ્ઞાનમાં, અમારી અનુભૂતિમાં આનંદમય પરમતત્ત્વ જયંવત વર્તી રહ્યું છે. અમારી પરિણતિથી તે દૂર નથી, અમારી અંતર્મુખ પરિણતિમાં તે પરમ તત્ત્વ બિરાજી જ રહ્યું છે; તેમાં મોહનો કોઇ સંબંધ નથી. મોહનો જેમાં અભાવ છે ને અનંત ગુણના નિર્મળભાવો જેમાં ઉલ્લસે છે –એવી અંતર્પરિણતિ ધર્મીને નિરંતર વર્તે છે.

ચૈતન્યપરિણતિમાં અપૂર્વ સુખના વેદનપૂર્વક પોતાની આત્મસંપદાને જાણ્યા પછી ધર્મી જીવ કહે છે કે અરેરે! મારી આવી સરસ આત્મસંપદાને પૂર્વે અજ્ઞાનભાવને લીધે મેં કદી ન જાણી તેથી હું ભવ–ભવમાં પૂર્વે દુઃખી થઇને સંસારમાં માર્યો ગયો. પણ હવે તો હું જાગ્યો, મેં મારું મોક્ષઘર દેખ્યું, મારી અપૂર્વ આત્મસંપદા દેખી; તેથી હવે હું ચૈતન્યસ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલા ઉત્તમ સુખને અનુભવું છું; આત્માના સહજ સુખનો નિજવિલાસ મને પ્રગટ થયો છે, ને કર્મરૂપી વિષવૃક્ષના સમસ્ત ફળને મેં છોડયા છે. – આવી ઉજ્વળ જ્ઞાનપરિણતિ તે પોતે જ પ્રાયશ્ચિત્ત છે.

ધર્મીજીવ પરમભાવમાં સ્થિત થઈને અચિંત્ય આત્મસંપદાને અનુભવે છે. અહો! આવી પરમ આત્મસંપદા એ જ અમારી અનુભૂતિનો વિષય છે. બહારના ઈન્દ્રિયવિષયો અમારા નથી, તેનાથી દૂર થઇને અંતરની વચનાતીત સમાધિવડે આત્મસંપદાને વિષય કરીને તેના પરમ સુખને અમે અનુભવીએ છીએ. અજ્ઞાનીનો આ વિષય નથી, આ તો ધર્માત્માની અનુભૂતિનો જ વિષય છે. અહા, અંદરની અનુભૂતિમાં જેણે આવી અપૂર્વ આત્મસંપદાને જાણી લીધી તેને જગતના કોઇ બાહ્યવિષયો પોતાના લાગતા નથી, તેમાં તેનું ચિત્ત ઠરતું નથી. એક ચૈતન્યભાવમાં ચિત્ત ઠરે છે, તે જ પોતાનો લાગે છે.

અંતરમાં ચૈતન્યપ્રભુ ભગવાન બિરાજે છે; શુદ્ધોપયોગ – પરિણતિને સાથે લઈને તે પ્રભુ પાસે જા. મોટા પુરુષો પાસે જાય ત્યારે કંઈક ઉત્તમ વસ્તુનું ભેટણું સાથે લઇને જાય છે, તેમ મહા ચૈતન્યપ્રભુ આત્મા, તેની પાસે શુદ્ધોપયોગરૂપ ઉત્તમ ભેટણું લઈને જા. અંદર ભગવાનને ભેટતાં તું ન્યાલ થઈ જઈશ. અંતર્મુખ થઈને આત્માને સાધવો એ જ જૈનસંસ્કૃતિ છે. તેમાં જીવને વીતરાગતાના સંસ્કાર પડે છે. જેનાથી આત્મામાં વીતરાગભાવના સંસ્કાર પડે એ જ સાચી જૈનસંસ્કૃતિ છે. [ વધુ માટે જુઓ પાનુ ૨૫ ]

# દશ પ્રશ્ન..... દશ ઉત્તર

## ( પ્રવચનમાંથી સુંદર સંકલન )

卐 જૈન મુનિઓનું ચારિત્ર કેવું હોય છે?
જેનાથી ભવનો અંત આવે – એવું જૈન મુનિઓનું વીતરાગ ચારિત્ર છે.

卐 વીતરાગની વાણી શેનું નિમિત્ત છે?
તે આત્માના પરમઆનંદનું ને વીતરાગતાનું જ નિમિત્ત છે.

卐 સમ્યગ્દર્શન પછી મુક્તિ ક્યારે થશે?
સમ્યગ્દ્રષ્ટિને જેટલી શુદ્ધી છે તેટલી તો મુક્તિ વર્તે જ છે.

卐 અત્યારે કેવળી ભગવાન છે?
હા; વિદેહમાં બિરાજે છે; ને અહીં બેઠા બેઠા તેમના શ્રદ્ધા – જ્ઞાન થઇ શકે છે.

卐 કેવળીની પ્રતીત કેવી રીતે થાય?
પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં કેવળીની પણ પ્રતીત થાય છે.

卐 અત્યારે મોક્ષ છે?
હા; દરેક છ મહિના – આઠ સમયે ૬૦૮ જીવો મોક્ષ પામે જ છે. આ રીતે મોક્ષનો માર્ગ સદાય ખુલ્લો જ છે, ક્યારેય બંધ નથી.

卐 ધર્માત્માનું કર્તવ્ય શું?
સ્વાત્મચિંતન કરવું તે.

卐 ત્યાર પહેલાં શું કરવું?
જ્ઞાનમાં આત્મવસ્તુનો નિર્ણય કરવો.

卐 આત્માનો શુભવિકલ્પ કરતાં કરતાં અનુભવ થશે?
ના; વિકલ્પથી છૂટો પડીને આત્માનો અનુભવ થશે.

卐 સાચી વિદ્યા કઇ છે?
સત્ એવો આત્મા જે જ્ઞાનવડે જણાય, તે જ સાચી વિદ્યા છે.

# આત્મજ્ઞાન તે વીતરાગ - વિજ્ઞાન. વીતરાગવિજ્ઞાન છે સુખની ખાણ.

**દેહથી ભિન્ન આત્મા આનંદનું ધામ છે. આવા આત્માનું જ્ઞાન કરવું તે વીતરાગવિજ્ઞાન છે, અને જે વીતરાગવિજ્ઞાન છે તે સુખની ખાણ છે.**

શરીર સુંદર – રૂપાળું હોય કે કદરૂપું હોય, તે બંનેથી આત્મા જુદો છે. ખરેખર તો આત્માનું ચેતન – રૂપ છે તે જ સુંદર છે; પણ પોતાના સુંદર નિજરૂપને ન દેખતાં અજ્ઞાની શરીરની સુંદરતા વડે પોતાની શોભા માને છે, અને શરીર કદરૂપ હોય ત્યાં પોતાને હલકો માને છે. પણ ભાઈ, કદરૂપું શરીર કાંઈ કેવળજ્ઞાન લેવામાં વિઘ્ન નથી કરતું, અને સુંદર રૂપવાળા હોવા છતાં પણ પાપ કરીને નરકે ગયા છે, અને કુરૂપ શરીરવાળા પણ અનેક જીવો આત્મજ્ઞાન કરીને મોક્ષ પામ્યા છે. જોકે તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોને તો દેહ પણ લોકોત્તર હોય છે, પરંતુ તે પણ આત્માથી તો જુદો જ છે. દેહ કાંઈ આત્માની વસ્તુ નથી. દેહથી ભિન્ન આત્માને જે ઓળખે તેણે જ ભગવાનના સાચા રૂપને ઓળખ્યું છે. દેહ છે તે કાંઈ ભગવાન નથી; ભગવાન તો અંદરમાં જે ચૈતન્યમૂર્તિ કેવળજ્ઞાનાદિ ગુણસહિત બિરાજમાન છે–તે જ છે. દરેક આત્મા આવો ચેતનરૂપ છે; શરીર સુરૂપ હો કે કુરૂપ,–તે તો જડનું રૂપ છે, આત્મા કદી તે જડ રૂપપણે થયો નથી. જડ ત્રણેકાળ જડ રહે છે, ને ચેતન ત્રણેકાળ ચેતન રહે છે; જડ અને ચેતન કદી પણ એક થતા નથી; શરીર અને જીવ સદાય જુદા જ છે. આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન અને અપૂર્વ શાંતિ થાય છે. આવા આત્માની ધર્મદ્રષ્ટિ વગર કદી દુઃખ મટે નહીં ને શાંતિ થાય નહીં.

હે જીવ! શરીરના શણગાર વડે તારી શોભા નથી, તારી શોભા તો તારા નિજગુણવડે છે. સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોવડે જ આત્માની શોભા છે. શરીર તો ચેતના વગરનું મૃતકકલેવર છે, – શું તેની સજાવટથી આત્મા શોભે છે? ના; ચેતન ભગવાનની શોભા જડ શરીરવડે હોય નહીં. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયવડે જ આત્મા શોભે છે. માટે દેહદ્રષ્ટિ છોડીને આત્માને ઓળખો. આત્માની આવી ઓળખાણ તે વીતરાગવિજ્ઞાન છે, અને વીતરાગવિજ્ઞાન તે જ સુખની ખાણ છે.

# સાચા કર્તવ્યની પ્રેરણા

જીવવું હોય તો રત્નત્રય - જીવન જીવો.....રાગ-જીવન નહીં.
કરવું હોય તો આત્મહિતનું કાર્ય કરો.....સંસારનું નહીં.
ભોગવવું હોય તો વીતરાગી - આનંદને ભોગવો.....વિષયોને નહીં.
વસવું હોય તો નિજસ્વરૂપમાં વસો.....શરીરમાં નહીં.
મરવું હોય તો સમાધિ-મરણે મરો.....અજ્ઞાનથી નહીં.
જોવું હોય તો નિજસ્વરૂપને જુઓ.....સિનેમા નહીં.
લડવું હોય તો મોહસામે લડો.....પાડોશી સામે નહીં.
રક્ષા કરવી હોય તો આત્મભાવની રક્ષા કરો.....રાગની નહીં.
રહેવું હોય તો સ્વસમયમાં રહો.....પરસમયમાં નહીં.
સેવા કરવી હોય તો જૈનધર્મને સેવો.....અન્યને નહીં.
વાંચવું હોય તો વીતરાગ - સાહિત્ય વાંચો.....રાગપોષક નહીં.
ભણવું હોય તો વીતરાગવિજ્ઞાન ભણો.....કુવિદ્યા નહીં.
ચિંતન કરવું હોય તો નિજસ્વરૂપને ચિંતવો.....સંસારને નહીં.
પૂજવા હોય તો વીતરાગદેવને પૂજો.....રાગને નહીં.
છોડવું હોય તો રાગનું કર્તૃત્વ છોડો.....નિજભાવને નહીં.
ગ્રહવું હોય તો નિજભાવને ગ્રહો.....પરભાવને નહીં.
માનવું હોય તો સત્યમાર્ગને માનો.....અસત્‌ને નહીં.
પરણવું હોય તો નિજપરિણતિને પરણો.....અન્યને નહીં.
લગની કરવી હોય તો મોક્ષની કરો.....બીજાની નહીં.
શાંતિ જોઈતી હોય તો સ્વમાંથી લ્યો.....પરમાંથી નહીં.
સ્વતંત્ર થવું હોય તો સ્વને આધીન થાઓ.....પરને નહીં.
સુખી થવું હોય તો રત્નત્રયધર્મને સાધો.....ધનને નહીં.
રાજી થવું હોય તો ચૈતન્યરાજાને રીઝવો.....પરને નહીં.
ડુબવું હોય તો ચૈતન્યસમુદ્રમાં ડુબો.....ભવસમુદ્રમાં નહીં.
દીવાળી કરવી હોય તો ચૈતન્યદીવડા પ્રગટાવો.....જડ નહીં.
હોળી કરવી હોય તો આઠકર્મની કરો.....લાકડાની નહીં.
પરમાત્મા થવું હોય તો પરમતત્ત્વને આરાધો.....પરને નહીં.
મોક્ષમાં જવું હોય તો રત્નત્રયમાર્ગે ચાલો.....રાગમાર્ગે નહીં.

卐

# સમ્યગ્જ્ઞાનનો મહિમા

## ❀ તે જ્ઞાનનું મહાન ફળ; તેના વગરનું બધું નિષ્ફળ ❀

અહો, જીવને પરમસુખનું કારણ સમ્યગ્જ્ઞાન છે, તેનો મહિમા બતાવે છે; તથા તેનું ઉત્તમ ફળ બતાવીને તેની આરાધનાનો ઉત્સાહ જગાડે છેઃ–

ज्ञानसमान न आन जगतमें सुखको कारन।
यही परमामृत जन्म - जरा - मृति रोग निवारन।।
कोटि जनम तप तपें ज्ञानबिन कर्म झरें जे।
ज्ञानीके छिनमें त्रिगुप्तितें सहज टरैं ते।।
मुनिव्रत धार अनंतबार ग्रीवक उपजायो।
पै निज आतम - ज्ञान बिना सुख लेश न पायो।।

અહો, જગતમાં જીવને સમ્યગ્જ્ઞાનસમાન સુખનું કારણ બીજું કોઈ નથી; પુણ્ય કે પાપના ભાવ સુખનું કારણ નથી, બહારનો વૈભવ સુખનું કારણ નથી; અંતરમાં ચૈતન્યનું જ્ઞાનપરિણમન જ જીવને સર્વત્ર સુખનું કારણ છે. જન્મ–જરા મરણના રોગને નિવારવા માટે આ સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે. સમ્યગ્જ્ઞાનરૂપી અમૃત વડે જન્મ–મરણનો નાશ કરીને જીવ અમરપદને પામે છે.

સમ્યગ્જ્ઞાન વગર કરોડો જન્મો તપ તપવાથી અજ્ઞાનીને જે કર્મો ઝરે છે તે કર્મો જ્ઞાનીને ત્રિગુપ્તિ વડે એક ક્ષણમાં સહેજે ટળી જાય છે; સમ્યગ્જ્ઞાનના પ્રતાપે જ્ઞાનીને મન–વચન–કાયાથી ભિન્ન ચૈતન્યપરિણતિ સદાય વર્તે છે ને તેથી તેને સહેજે નિર્જરા થયા જ કરે છે,–એવી નિર્જરા અજ્ઞાનીને ઘણા તપ વડે પણ થતી નથી. અજ્ઞાની જીવ અનંતવાર મુનિવ્રત ધારણ કરીને નવમી ગ્રૈવેયક સુધી ઊપજ્યો, પરંતુ પોતાના આત્મજ્ઞાન વગર તે લેશમાત્ર સુખ ન પામ્યો. જુઓ તો ખરા! અજ્ઞાનીના પંચમહાવ્રત પણ જરાય સુખનું કારણ ન થયા. –ક્યાંથી થાય? એ તો શુભરાગ છે. રાગ તે કાંઈ સુખનું કારણ હોય? રાગના ફળમાં તો બહારનો સંયોગ મળે ને અંદર આકુળતા થાય, પણ કાંઈ ચૈતન્યની શાંતિ રાગથી ન મળે; એ તો ચૈતન્યના જ્ઞાનથી જ મળે.

અંતરમાં રાગથી પાર આત્માના શુદ્ધ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું તે સમ્યગ્જ્ઞાન છે; ત્યાં બહારનું વિશેષ જાણપણું હો કે ન હો, શાસ્ત્રજ્ઞાન ઓછું હો કે વધારે, તેની સથે સંબંધ નથી; આત્માને જાણનારું સમ્યગ્જ્ઞાન પોતે જ સુખનું કારણ છે. આત્માના અતીન્દ્રિય સુખના અનુભવસહિત જ સમ્યગ્જ્ઞાન પ્રગટયું છે, ને તે પોતે જ પરમ સુખથી ભરેલું છે. આત્મામાં જ્ઞાનના પરિણમન સાથે સુખનું પરિણમન પણ ભેગું જ છે. સમ્યગ્જ્ઞાનની અંદર તો ચૈતન્યના અનંત ભાવો ભર્યા છે. અહા, સમ્યગ્જ્ઞાનની કિંમતની જગતને ખબર નથી. સમ્યગ્જ્ઞાન જેવું સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી. પહેલાં સમ્યગ્દર્શનના પ્રકરણમાં કહ્યું હતું કે –

‘तीनलोक तिहुंकाल माहिं नहीं दर्शनसो सुखकारी’

અહીં સમ્યગ્જ્ઞાન માટે કહે છે કે –

‘ज्ञान समान न आन जगतमें सुखको कारन’

જુઓ તો ખરા, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો પરમ મહિમા! તેને પરમ હિતરૂપ જાણીને હે ભવ્ય જીવો! તેની આરાધના કરો.

આત્માના સમ્યગ્જ્ઞાનમાં સર્વ સમાધાન ને પરમ સુખ છે, સંસારના બધા ઝેર ઉતારી નાંખનારું તે ઉત્કૃષ્ટ અમૃત છે. સુખ માટે બીજું કાંઈ શોધ મા! અંતર્મુખ થઈને તારા આત્માનું સમ્યગ્જ્ઞાન કર. આનંદની ઉત્પત્તિ તારા સમ્યગ્જ્ઞાનમાં છે; કુટુંબમાં –પૈસામાં–શરીરમાં ક્યાંય આનંદ મળે તેમ નથી. આત્માના સમ્યગ્જ્ઞાન વગર દેવલોકના દેવો પણ દુઃખી છે, ત્યાં બીજાની શી વાત? શુભરાગ, પુણ્ય અને તેનું ફળ –એ બધુંય આત્માના જ્ઞાનથી જુદું છે; તે રાગમાં, પુણ્યમાં કે પુણ્યફળમાં ક્યાંય જે સુખ માને તેને સાચા જ્ઞાનની કે સાચા સુખની ખબર નથી, જ્ઞાનના ને સુખના બહાને તે અજ્ઞાનને તથા દુઃખને જ સેવે છે. બાપુ! સુખ અને જ્ઞાન તો તારો સ્વભાવ છે, તેને ઓળખ, તો જ સમ્યગ્જ્ઞાન અને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય. અતીન્દ્રિય જ્ઞાનમાં જે સુખ છે તેવું સુખ ઇન્દ્રપદમાં નથી, ચક્રવર્તીપદમાંય નથી, કે જગતમાં બીજે ક્યાંય નથી, એટલે કે જ્ઞાન સિવાય બીજે ક્યાંય સુખ છે જ નહીં. સમ્યગ્જ્ઞાનમાં સુખ છે, ને બીજે ક્યાંય સુખ નથી. એ અપેક્ષાએ કેવળી ભગવંતોને એકાંત સુખી કહ્યા છે.

અહો, સમ્યગ્જ્ઞાન તો પરમ અમૃત છે. 'અમૃત' એટલે મરણ વગરનું એવું મોક્ષપદ તે સમ્યગ્જ્ઞાન વડે પમાય છે, માટે સમ્યગ્જ્ઞાન તે પરમ અમૃત છે; તે જન્મ–જરા–મરણના રોગને મટાડીને મોક્ષરૂપી અમરપદ દેનાર છે. બહારનું ભણતર કે દુનિયાદારીનું ડહાપણ જેમાં કામ આવતું નથી, આત્મામાંથી જ જે આવે છે – એવું આ સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે. આત્માનો સ્વભાવ અનાકુળ આનંદસ્વરૂપ અમૃત છે, તેમાં તન્મય થઈને તેને જાણનારું જ્ઞાન પણ આનંદરૂપ થયું છે તેથી તે પણ પરમ અમૃત છે, અને એવા સ્વરૂપને દેખાડનારી વાણીને પણ ઉપચારથી અમૃત કહેવાય છે. વચનામૃત વીતરાગનાં..... પરમ શાંતરસ મૂળ આવી વીતરાગવાણી દ્વારા થતું આત્માનું સમ્યગ્જ્ઞાન, તે જીવના ભવરોગને મટાડનાર અમોઘ ઔષધ છે. શરીરમાં ભલે વૃદ્ધાવસ્થા હો કે બાળક અવસ્થા હો, નરકમાં હો કે સ્વર્ગમાં હો, રોગાદિ હો કે નીરોગતા હો, – પણ આવું સમ્યગ્જ્ઞાન સર્વત્ર પરમ શાંતિ દેનાર છે.

આત્માનું જ્ઞાન છે તે આનંદ સહિત છે; જેમાં આનંદ નહીં તે જ્ઞાન નહીં. જે દુઃખનું કારણ થાય તેને જ્ઞાન કોણ કહે? – એ તો અજ્ઞાન છે. જ્ઞાન તો ત્રણકાળ–ત્રણલોકમાં અપૂર્વ સુખનું જ કારણ થાય છે, તે પરમ અમૃત છે. આવું જ્ઞાન જ જન્મ–મરણથી છૂટીને મુક્તિસુખ પામવાનો ઉપાય છે; જ્ઞાન સિવાય બીજો ઉપાય નથી. જે જીવો પૂર્વે સિદ્ધ થયા છે, અત્યારે થાય છે ને ભવિષ્યમાં થશે તે બધાય જીવો ભેદજ્ઞાન વડે જ સિદ્ધ થયા છે, થાય છે ને થશે એમ જાણો –

**સિદ્ધો થયા જે જીવ તે સૌ જાણજો ભેદજ્ઞાનથી,**
**બંધ્યા અરે! જે જીવ તે સૌ ભેદજ્ઞાન - અભાવથી.**

–આમ ધારીને હે જીવ! તું અત્રૂટ ધારાએ ભેદજ્ઞાનને ભાવ; રાગાદિથી ભિન્ન શુદ્ધ આત્માને જાણીને તેને જ નિરંતર ભાવ. ભેદજ્ઞાની જીવ સદાય આત્માના આનંદમાં કેલિ કરે છે. આત્માના આનંદમાં કેલિ કરતો કરતો તે મુક્તિમાં જાય છે.

અહો, હું તો પરમ આનંદ સ્વરૂપ છું, જગતથી જુદો ને મારાથી પરિપૂર્ણ છું, સિદ્ધ ભગવાન જેવું મારું ચૈતન્યપદ છે, –એમ જે જ્ઞાને આત્માની કિંમત કરી તે જ્ઞાનમાં અપૂર્વ જ્ઞાનકળા ઊઘડી; તેના વડે તે શિવમાર્ગને સાધે છે ને શરીરમાં વાસ છૂટીને તે સિદ્ધપદને પામે છે. ભેદજ્ઞાન – કળાવડે ધર્મી જીવ એમ અનુભવે છે કે

'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધસમાન સદા પદ મેરો.' પોતાના જ વેદનથી તે નિઃશંક જાણે છે કે 'જ્ઞાનકલા ઉપજી અબ મોહે.... ' મને જ્ઞાનકળા ઉપજી છે ને તેના પ્રસાદે હું મોક્ષમાર્ગને સાધી રહ્યો છું. અલ્પકાળમાં આ ભવથી છૂટીને હવે હું સિદ્ધપદને પામીશ.

આવા આત્મજ્ઞાનનો અપાર મહિમા ને અપાર કિંમત ભાસવી જોઈએ. અરે, અનંત ચૈતન્યગુણોમાં વસનારો હું, આ માટીના ઘરમાં મમતા કરીને વસવું એ તે મને કેમ શોભે? દેહ હું નથી, હું તો દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા છું –એવું સમ્યગ્જ્ઞાન થતાં હવે જ્ઞાનકળા જાગી છે, તે જ્ઞાનકળાના પ્રસાદથી હવે આ માટીના ઘટમાંથી છૂટી જઈશું ને અશરીરી થઈને, સિદ્ધાલયમાં રહેશું, ફરીને કદી આ શરીરમાં કે સંસારમાં આવશું નહીં. જુઓ, આ સમ્યગ્જ્ઞાનનો પ્રસાદ! આવા જ્ઞાનના પ્રસાદથી મુક્તિ પમાય છે. સમ્યગ્જ્ઞાનના પ્રતાપે હવે આ હાડ–માંસના માળખામાં રહેવાનું બંધ થઈ જશે, ને આનંદમય મોક્ષમહેલમાં સદા રહેશું. આ રીતે સમ્યગ્જ્ઞાનના અમૃત વડે જન્મ–મરણનો રોગ મટે છે ને પરમસુખ થાય છે. જગતમાં જીવને જ્ઞાન સમાન સુખનું કારણ બીજું કોઈ નથી. આમ – સમ્યગ્જ્ઞાનનો મહિમા જાણીને તેની આરાધના કરો. * *

## આત્મધર્મ - પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી

| | | |
|---|---|---|
| ૧૧ | દીપકકુમાર મણિલાલ | |
| ૨૧ | ચેતનકુમાર નવનીતલાલ | ઘાટકોપર |
| ૫ | કાન્તાબેન દવે | સોનગઢ |
| ૫૧ | કંચનબેન અમુલખરાય | જોરાવરનગર |
| ૧૧ | કિરણબેન મનસુખલાલ | પાલેજ |
| ૫ | દીપકકુમાર ગુણવંતરાય | સુરત |
| ૫૧ | કસુંબાબેન ખીમચંદ | સોનગઢ |
| ૨૫ | સમતાબેન રતિલાલ | સોનગઢ |
| ૨૫ | વિનયકાંત હીરાચંદ | રાજકોટ |
| ૨૧ | સુનિલકુમાર ભૂપેન્દ્ર | |
| ૨૧ | પ્રેમચંદ ખેમરાજજી | ખૈરાગઢ |
| ૨૫ | મનહરલાલ મગનલાલ | સોનગઢ |
| ૨ | એસ. એન. પવાર | ભાવનગર |
| ૨૧ | દૂધીબેન દેવચંદ મોદી | સોનગઢ |
| ૨૧ | લક્ષ્મીબેન | મુંબઈ |
| ૨૫ | રમણિકલાલ તારાચંદ | મુંબઈ |
| ૫૧ | નવલભાઈ જે. શાહ | સોનગઢ |
| ૧૦૧ | હિંમતલાલ હરગોવિંદદાસ | ભાવનગર |
| ૨૫ | સુરતના ભાઈ – બહેનો | સુરત |
| ૨૫ | છોટાલાલ ડામરશી | સોનગઢ |
| ૫૧ | સુશીલાબેન ભોગીલાલ | અમદાવાદ |
| ૫૧ | શાંતિલાલ લક્ષ્મીચંદ | રાજકોટ |

(તા. ૨૫–૭–૭૩ સુધી)

## ❀ શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ ❀
## સોનગઢ (સૌરાષ્ટ્ર)

તા. ૮–૮–૭૩

શ્રી દિગંબર જૈન મુમુક્ષ મંડળ/સંઘ/સમાજ મું:

શ્રી સદ્ગુરુવંદન સાથે જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધિઓને હાજર રહેવા સૂચના આપશોજી.

### એજન્ડા

(૧) સને ૧૯૭૨–૭૩ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.

(૨) સને ૧૯૭૩–૭૪ ના વર્ષ માટેના નવા બજેટો મંજૂર કરવા.

(૩) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૧–૯–૭૩ | શનિવાર | સવારે ૯–૧૫ થી ૯–૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ | ૧–૯–૭૩ | શનિવાર | સવારે ૯–૪૫ થી |
| શ્રી સામાન્ય સભા | ૨–૯–૭૩ | રવિવાર | સવારે ૯–૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મીટિંગ | ૨–૯–૭૩ | રવિવાર | બપોરે ૪–૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી – ગૃહ, સોનગઢની વાર્ષિક મીટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

(૧) ભાદરવા સુદ ૫, શનિવાર, તા. ૧–૯–૭૩, સાંજે ૪–૧૫ વાગે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મીટિંગ.

(૨) ભાદરવા સુદ ૬, રવિ, તા. ૨–૯–૭૩, સવારે ૯–૪૫ થી સામાન્ય સભા.

નોંધ – બધી મીટિંગોનું સ્થળ: પ્રવચન મંડપ.

લિ.
**નેમીદાસ ખુશાલ શેઠ**
ટ્રસ્ટી
**શ્રી જૈન વિદ્યાર્થી - ગૃહ, સોનગઢ**

લિ.
**નવનીતલાલ ચુનીલાલ જવેરી**
પ્રમુખ
**શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ**

## આત્મધર્મ.....

### [ આવતું વર્ષ મહાન ઐતિહાસિક વર્ષ છે... ]

આવતા વર્ષનું (વીર નિર્વાણ સંવત અઢી હજારનું) આત્મધર્મનું લવાજમ (ચારરૂપિયા) ભરવાનું અનેક જિજ્ઞાસુઓએ શરૂ કરી દીધું છે. આપ પણ આપના ગામના મુમુક્ષુઓ સહિત આપનું લવાજમ વેલાસર મોકલી આપશો. દિન–દિન વૃદ્ધિગત થઈ રહેલું મુમુક્ષુઓનું પ્રિય 'આત્મધર્મ' હિન્દી – ગુજરાતી મળીને છ હજાર જેટલા ગ્રાહકો ધરાવે છે, અને દરમહિને આશરે ત્રીસ હજાર જેટલા મુમુક્ષુઓ ખૂબ ઉલ્લાસથી તેનું વાંચન કરે છે. વળી આવતું વર્ષ એ વીરનિર્વાણની અઢી હજારમી જયંતીનું મહાન ઐતિહાસિક વર્ષ છે, તે ઉજવવા ભારતભરમાં અનેકવિધ આયોજનો થઈ રહ્યા છે, આપણે પણ ઉત્સાહથી તેમાં સાથ પૂરાવવા ભાવના છે. એટલે વીરશાસનની પ્રભાવનાના અનેક પ્રસંગો જાણવા આપ આત્મધર્મ જરૂર નિયમિત વાંચતા રહેશો. અધવચ્ચેથી ગ્રાહક થનારને પાછલા અંકો વગર નીરાશ થવું પડે છે. માટે શરૂથી જ ગ્રાહક થવું સારું છે. અત્યારે ગુજરાતી આવૃત્તિની ગ્રાહક સંખ્યા ૩૩૦૦ જેટલી થઈ ગઈ છે. – ને આવતી સાલ આપ સૌના સહકારથી આ સંખ્યા ચાર હજાર સુધી સહેલાઈથી પહોંચી જશે – એવો વિશ્વાસ છે. આત્મધર્મ વાંચે એવા સ્નેહીનોને અત્યારથી જ આત્મધર્મ પહોંચતું કરો અને એ રીતે તેમને આત્મહિતના માર્ગમાં સાથે જ રાખો.

### 卐 દસલક્ષણી -પર્યુષણપર્વ 卐

સોનગઢમાં દર વર્ષની જેમ દશલક્ષણી – પર્યુષણપર્વ ભાદરવા સુદ પાંચમને શનિવાર તા. ૧ સપ્ટેમ્બરથી શરૂ કરીને ભાદરવા શરૂ ચૌદશ ને મંગળવાર તા. ૧૧ સુધી ઊજવાશે. ત્યાર પહેલાં શ્રાવણ વદ ૧૨ ને શનિવાર તા. ૨૫ ઓગષ્ટથી ભાદરવા સુદ પાંચમને શનિવાર તા. ૧ સપ્ટેમ્બર સુધીના આઠ દિવસો ખાસ પ્રવચનના દિવસો તરીકે ગણાશે.

(સમિતિની વ્યવસ્થામાં સહકાર આપવા માટે મહેમાનોને ખાસ સૂચના કે આપના આગમનના સમાચાર જૈન અતિથિ સેવા સમિતિ –સોનગઢને લખી જણાવશો.)

### આપનું ભેટપુસ્તક મેળવી લ્યો –

પ્રવચનસાર ગા. ૧૭૨ ઉપરનાં પ્રવચનનું પુસ્તક આત્મધર્મના ચાલુવર્ષના (૩૦મા વર્ષના) ગ્રાહકોને ભેટ આપવાનું છે. તો સોનગઢથી રૂબરૂ (ઓફિસમાંથી) મેળવી લેવું અથવા પચીસ પૈસાની ટિકિટ (તથા પૂરું નામ – સરનામું) મોકલીને પોસ્ટથી મંગાવી લેવું. આ ભેટપુસ્તક સૌએ દીવાળી પહેલાં મેળવી લેવા વિનંતિ છે.

– જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સુખ

## જ્ઞાનચેતના વડે જ સુખ અનુભવાય છે. જ્ઞાનચેતના પોતે સુખરસથી તરબોળ છે.

દેવલોકના દેવ કરતાંય અસંખ્યગણું મોઘું એવું આ મનુષ્યપણું પામીને, વિષય કષાયરૂપ પાપના અશુભમાં ભવ ગુમાવે કે કુદેવ–કુગુરુના સેવનમાં જીવન ગુમાવે તેની તો વાત શી? પણ સાચા વીતરાગી દેવ–ગુરુને જ માને, બીજાને માને નહિ, વિષય–કષાયના પાપભાવ છોડીને શીલ–વ્રતના શુભભાવમાં લયલીન રહે, અને તેમાં જ સંતોષ માને કે આનાથી હવે મોક્ષ થઈ જશે, –પણ તે વ્રતાદિના શુભરાગથી પાર જ્ઞાનચેતનાનો અનુભવ ન કરે તો તેવો જીવ પણ જરાય સુખ નથી પામતો. તે સ્વર્ગમાં જાય છે, – પણ તેથી શું? સુખ તો રાગવગરની ચૈતન્યપરિણતિમાં છે, કાંઈ સ્વર્ગના વૈભવમાં સુખ નથી. જ્ઞાનચેતનાવડે જ સુખ અનુભવાય છે, જ્ઞાનચેતના પોતે સુખરસથી ભરેલી છે.

આ કોની વાત છે? –તારી પોતાની! બાપુ! તું પોતે જ્ઞાનચેતનાસ્વરૂપ છો... તારી જ્ઞાનચેતનાને ભૂલીને અનંતવાર તું શુભભાવ કરી ચૂકયો છે. શુભ સાથે અજ્ઞાન પડયું છે એટલે રાગમાં સર્વસ્વ માનીને રાગવગરના આખા જ્ઞાનસ્વભાવનો તું અનાદર કરી રહ્યો છે. સમ્યગ્જ્ઞાન વગર રાગમાં તો સુખ ક્યાંથી હોય? શુભરાગમાં એવી તાકાત નથી કે અજ્ઞાનરૂપી અંધકારને કે દુઃખને દૂર કરે. જ્ઞાનચીજ રાગથી જુદી છે; તે જ્ઞાનચેતનાના પ્રકાશ વડે જ અજ્ઞાન–અંધારા ટળે છે ને સુખ પ્રગટે છે. નિજાનંદી જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ વળીને સમ્યગ્જ્ઞાન–ચેતના પ્રગટ કર્યાં વગર સુખનો અંશ પણ પ્રાપ્ત ન થાય.

અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા પોતે છે; રાગમાં કાંઈ સુખ ભર્યું નથી. રાગમાંથી કે બહારથી સુખ લેવા માંગે તે તો, સુખની સત્તા આત્મામાં છે તેનો ઈન્કાર કરે છે. અરે, જ્યાં સુખ છે – જે પોતે સુખ છે તેનો સ્વીકાર કર્યાં વગર સુખ ક્યાંથી થાય?

પ્રશ્નઃ – શુભરાગમાં સુખ ભલે ન હોય, પણ દુઃખ તો નથી?

ઉત્તરઃ – અરે ભાઈ ! એમાં આકુળતારૂપ દુઃખ જ છે. જડમાં સુખ – દુઃખની કોઈ લાગણી નથી; ચૈતન્યતત્ત્વ પોતાના જ્ઞાનભાવ વડે સુખ વેદે છે, ને અજ્ઞાનભાવથી દુઃખ વેદે છે. ભેદજ્ઞાન તે સિદ્ધપદનું કારણ, ને ભેદજ્ઞાનનો અભાવ એટલે કે અજ્ઞાન, તે સંસારદુઃખનું કારણ છે. જ્યાં ચૈતન્યના જ્ઞાનની શાંતિનું વેદન નથી ત્યાં કષાય છે, –ભલે અશુભ હો કે શુભ હો – પણ જે કષાય છે તે તો દુઃખ જ છે. શુભકષાય તે કાંઈ શાંતિ તો ન જ કહેવાય. આત્માના જ્ઞાન વડે ક્ષણમાત્રમાં કરોડો ભવના કર્મો છૂટી જાય છે, ને સમ્યગ્જ્ઞાન વગર કરોડો વર્ષના તપ વડે પણ સુખનો છાંટોય મળતો નથી. જુઓ તો ખરા, જ્ઞાનનો અપાર મહિમા ! અજ્ઞાની જીવને જ્ઞાનના મહિમાની ખબર નથી, એને રાગ દેખાય છે, – પણ રાગથી પાર થઈને અંદર ચૈતન્યમાં ઊંડુ ઊતરી ગયેલું જ્ઞાન તેને દેખાતું નથી. માટે કહે છે કે હે ભાઈ ! મોક્ષનું કારણ તો સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન સહિતનું ચારિત્ર છે. સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન વગરનું આચરણ તો થોથાં છે, તેમાં લેશ પણ સુખ નથી. આ રીતે સમ્યગ્જ્ઞાનનો મહિમા જાણીને, તેને પરમ અમૃત સમાન જાણીને તેનું સેવન કરો.

આ રત્નચિંતામણી જેવી મનુષ્યપર્યાય પામીને તથા જિનવાણીનું શ્રવણ કરીને, હે જીવો ! તમે દુર્લભ એવા સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કરો, અને આત્માને ઓળખી લ્યો –એમ સર્વે સંતોનો ઉપદેશ છે.

## 卐 સ્વ વિષયમાં સુખ * પર વિષયમાં દુઃખ 卐

**જીવને બધા પદાર્થો જાણવાની ઇચ્છા છે, પણ ઇન્દ્રિયાધીન થયેલું જ્ઞાન પોતપોતાના અલ્પ વિષયોને જ ગ્રહણ કરી શકે છે, ને બાહ્યવિષયો તરફના વેગથી તે આકુળ - વ્યાકુળ દુઃખી રહે છે. જો ઇન્દ્રિયોથી ભિન્નતા જાણી, જ્ઞાનને અંતર્મુખ કરીને સ્વ-વિષયને ગ્રહણ કરે તો આનંદનો અનુભવ થાય ને બાહ્યવિષયોના ગ્રહણની આકુળતા મટી જાય.**

# ધર્માત્માની આશ્ચર્યકારી અંતરંગ દશા

## એક જ પર્યાયમાં વર્તતું રાગનું અકર્તાપણું તેમજ કર્તાપણું

[ સમયસાર ગા. ૩૨૦ ના પ્રવચનમાંથી, અષાઢ વદ ૭ ]

ધર્માત્માને ચોથું ગુણસ્થાન થયું ત્યારથી જ આત્માના આનંદરસની વીતરાગધારા તો નિરંતર વર્તે જ છે, તે આનંદધારામાં તો રાગાદિનું જરાય કર્તૃત્વ નથી; અને તેને જ દશમા ગુણસ્થાન સુધી જે રાગ છે તે રાગનું વેદન દુઃખરૂપ છે; બંને ધારાના અત્યંત ભિન્ન સ્વાદને ધર્મી જાણે છે....

જ્ઞાયકસ્વરૂપ આત્માના અનુભવ સહિત જેને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન થયા છે, ને સાધકદશામાં હજી થોડા રાગાદિ બાધક ભાવો પણ થાય છે, - એવા ધર્મી જીવને પોતાની શ્રદ્ધા- જ્ઞાન પર્યાયમાં તો રાગનું કર્તાપણું કે ભોક્તાપણું નથી; પણ હજી ચારિત્રની પર્યાયમાં જેટલી અશુદ્ધતા અને રાગાદિ છે તેનું કર્તા-ભોક્તાપણું પોતાની તે પર્યાયમાં છે – એમ ધર્મી જાણે છે.

શુદ્ધ સ્વભાવને ધ્યેય કરીને શ્રદ્ધા-જ્ઞાનાદિમાં જે શુદ્ધ પરિણમન થયું છે તે તો રાગ વગરનું જ છે, તેમાં તો રાગનું કર્તા-ભોક્તાપણું નથી; પણ દશમા ગુણસ્થાન સુધી ચારિત્રદશામાં જે રાગાદિભાવ થાય છે તે રાગનો કર્તા કર્તૃનયથી આત્મા પોતે છે, પોતાની પર્યાયમાં તે કાળે તેવો ધર્મ છે, અને તે ધર્મનો અધિષ્ઠાતા આત્મા જ છે, -એમ જ્ઞાની પોતાની પર્યાયમાં રાગના કર્તૃત્વને તેમજ ભોકતૃત્વને તે કાળે જાણે છે. તે જ વખતે રાગાદિના અકર્તા-અભોક્તારૂપ પરિણમન પણ શ્રદ્ધા-જ્ઞાનાદિ પર્યાયોમાં વર્તે છે, તેને પણ ધર્મી જાણે છે. -આવો ભગવાનનો અનેકાન્ત માર્ગ છે.

સાધકની પર્યાયમાં શાંતિનું વેદન તેમજ રાગની આકુળતાનું વેદન – એમ બંને એક સાથે છે, સાધક પ્રમાણજ્ઞાનમાં બંને ધર્મોને પોતાના જાણે છે. તેમાં જ્યારે સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવની વિવક્ષાથી જોવામાં આવે ત્યારે આત્માને શાંતિનું વેદન છે, તેમાં અશાંતિ છે જ નહીં. અને જ્યારે પર્યાયમાં રાગાદિ છે તેની વિવક્ષાથી જોવામાં

આવે ત્યારે તે જ આત્માને રાગના દુઃખનું વેદન છે, તે પોતે જ રાગનો કર્તા–ભોક્તા છે. શુદ્ધતાને મુખ્ય કરીને તેમાં એકલા આનંદનું જ વેદન કહ્યું, ને રાગાદિ ભાવો તે શુદ્ધતાથી જુદા રહી ગયા, એટલે તેનો કર્તા–ભોક્તા જ્ઞાની નથી –એમ કહ્યું. વસ્તુનું સ્વરૂપ બધા પડખેથી ( બધા ધર્મોથી ) જેમ છે તેમ સત્ય જાણવું જોઈએ.

ધર્માત્માને જ્ઞાનનો કોઈ અંશ રાગમાં પ્રવેશતો નથી, ને રાગનો કોઈ અંશ જ્ઞાનમાં પ્રવેશતો નથી, એટલે જ્ઞાનભાવ પોતે તો કદી રાગનો કર્તા કે ભોક્તા નથી. અને છતાં પોતાની પર્યાયમાં જે રાગાદિનું કર્તા–ભોક્તાપણું વર્તે છે તેને પણ જ્ઞાનીનું જ્ઞાન બરાબર જાણે છે. – ત્યાં જાણવાની ક્રિયામાં ધર્મીને એકત્વબુદ્ધિ ( તન્મયપણું ) છે, રાગાદિની ક્રિયાને જ્ઞાનક્રિયાથી જુદી જાણે છે, એટલે જ્ઞાનાદિ ભાવ તો રાગ વગરના જ છે.

જ્ઞાનીને રાગનું – દુઃખનું વેદન હોય ?

– કે હા; તેમને પોતાની પર્યાયમાં જેટલા રાગાદિ છે તેટલું દુઃખનું વેદન પણ છે; શુદ્ધતા છે તેટલી શાંતિનું વેદન તો છે જ, ને તેની સાથે જેટલા રાગાદિ છે તેટલું દુઃખનું વેદન પણ છે. અનંત નયોમાંથી ભોક્તાનયે તે જ્ઞાની તે દુઃખનું ભોક્તાપણું પોતામાં જાણે છે; પર્યાયમાં એવા ભોક્તાપણાનો ધર્મ છે, ને તે ધર્મોનો અધિષ્ઠાતા આત્મા છે. અરે, ચૌદમાં ગુણસ્થાનના છેલ્લા સમય સુધી જે અસિદ્ધત્વ ભાવરૂપ વિભાવ છે ( ઉદયભાવ છે ) તે પણ જીવનું સ્વતત્ત્વ છે, જીવની સત્તામાં તેનું અસ્તિત્વ છે.

શ્રુતજ્ઞાન–પ્રમાણ અનંતનયોમાં વ્યાપેલું છે, અને તે અનંતધર્મવાળા એક આત્માને જાણે છે. પોતાના દ્રવ્યમાં–ગુણમાં–પર્યાયમાં જે–જે ધર્મો છે તેને જ્ઞાની જાણે છે. તેમાં જેટલું રાગાદિનું કર્તા– ભોક્તાપણું હજી પર્યાયમાં વર્તે છે તેને પણ ધર્મી જાણે છે. એક તરફ સ્વભાવની શાંતિનું વેદન છે તેને પણ જાણે છે, ને બીજી તરફ ( તે જ પર્યાયમાં ) રાગાદિની અશાંતિનું પણ વેદન છે, – બંને ધર્મોને જ્ઞાની પોતાની પર્યાયમાં જેમ છે તેમ જાણે છે. જે શાંતિ છે તેમાં અશાંતિ નથી, એટલે રાગ વગરનો જે જ્ઞાનભાવ છે તેમાં તો શાંતિનું જ વેદન છે, ને સાધકને જેટલા રાગાદિ છે તેટલું અશાંતિનું વેદન છે. આ રીતે જ્ઞાનભાવ અને રાગભાવ બંનેનું કાર્ય જુદું–જુદું છે; છતાં સાધકની પર્યાયમાં બંને એક સાથે વર્તે છે. પોતાની પર્યાયમાં છે તે અપેક્ષાએ આત્મા જ તેનો કર્તા ને ભોક્તા છે.

–પણ આત્માના ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિએ જોતાં તેમાં શુદ્ધતાનું જ કર્તા–ભોક્તા–પણું છે, તેમાં અશુદ્ધતાનું કર્તા–ભોક્તાપણું નથી. એટલે જ્ઞાની તે રાગાદિને પોતાની પર્યાયમાં જાણતા હોવા છતાં, ને પર્યાયમાં તેનું કર્તા ભોક્તાપણું જાણતા હોવા છતાં, તેમાં તેને એકત્વબુદ્ધિ નથી, એકત્વબુદ્ધિ તો પરથી ભિન્ન પોતાના સુંદર–એકત્વ સ્વભાવમાં જ વર્તે છે.

અહો, શ્રુતજ્ઞાનમાં અનંત ધર્મો જાણવાની તાકાત છે, કેમકે તેમાં અનંતનયો સમાય છે. પોતાના આત્મામાં દ્રવ્ય–ગુણઅપેક્ષાએ, પર્યાયઅપેક્ષાએ જેટલા શુદ્ધ–અશુદ્ધ ભાવો છે તેને બરાબર પોતાના અસ્તિત્વમાં જાણવા જોઈએ. જ્ઞાનીને રાગ થાય –તેનું વેદન તેને છે જ નહિ–એમ નથી, તેનેય તે રાગનું દુઃખરૂપ વેદન તો છે, પણ તે જ વખતે તેનાથી ભિન્ન સ્વભાવની શુદ્ધતાનું ને શાંતિનું વેદન તેને વર્તી જ રહ્યું છે, તે વેદનમાં રાગાદિનો અભાવ હોવાથી જ્ઞાનીને તેના અકર્તા–અભોક્તા કહ્યા. બંને અપેક્ષાને ધર્મી જીવ બરાબર જાણે છે. પોતાની પર્યાયમાં રાગ છે તેટલું દુઃખ છે – તેનું અસ્તિત્વ જ ન માને તો જ્ઞાન આંધળુ થયુ; તે જ્ઞાને પોતાની પર્યાયના દોષને પણ જાણ્યો નહિ,–એ તો શુભરાગ વગેરે દોષને ગુણ સાથે ખતવી દેશે એટલે ગુણના સ્વરૂપનુંય સાચું જ્ઞાન તેને નહિ થાય. ધર્મી દોષને દોષરૂપ બરાબર જાણે, પોતામાં જેટલો શુભ રાગ છે તેટલો પણ અપરાધ છે એમ જાણે, પણ તે દોષના કોઈ અંશને ગુણમાં ભેળવે નહીં.

અમૃતચંદ્રઆચાર્ય જેવા પણ કહે છે ( કળશ ત્રીજામાં ) કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ હોવા છતાં હજી મારી પરિણતિ રાગાદિથી મેલી છે. જેટલી મલિનતા છે તેટલું દુઃખ પણ છે; ને તે પર્યાય પણ મારી છે–એમ જ્ઞાની જાણે છે. સ્વભાવથી શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું,–તેના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રથી પરિણતિમાં શુદ્ધતા પણ થઇ છે. અપૂર્વ વીતરાગી શાંતિનું વેદન પણ વર્તી રહ્યું છે. અને સાથે જે રાગાદિ દોષ બાકી છે તે પણ પોતાની પર્યાયમાં છે, પોતાના અસ્તિવમાં છે. –એમ અનેકાન્તના શરણે ધર્મી જીવ જાણે છે. પોતામાં દ્રવ્ય –ગુણ–પર્યાયરૂપ અનંત ધર્મો જેમ છે તેમ જાણ્યા વગર સ્વજ્ઞેયનું સાચું જ્ઞાન ક્યાંથી થશે ? સ્વ–જ્ઞેયના બધા પડખાને બરાબર જાણે તો તેમાં હેય–ઉપાદેયનો વિવેક કરે, ને શુદ્ધ સ્વભાવના આશ્રયે ઉપાદેયભાવો પ્રગટ કરીને, રાગાદિ હેય ભાવોને છોડે; એ રીતે વસ્તુના સાચા જ્ઞાનપૂર્વક મોક્ષમાર્ગ સધાય છે. મહાવીર ભગવાને આત્માનું આવું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું છે. આવા વસ્તુ સ્વરૂપનું જ્ઞાન કરવું તે જ મહાવીર પરમાત્માના નિર્વાણમહોત્સવની ( અઢી હજારમા

વર્ષની ) સાચી ઉજવણી છે. ભગવાન મહાવીરે જે કહ્યું–તેના જ્ઞાન વગર તેમના મોક્ષનો સાચો ઉત્સવ ક્યાંથી ઊજવાય ?

જ્ઞાનીને સાધકદશામાં સ્વભાવની શાંતિ તેમજ રાગની અશાંતિ–એ બંને વેદાય છે, તે બંને ભાવોને પોતામાં જેમ છે તેમ જ્ઞાની જાણે છે. જેટલી અશુદ્ધતા પોતામાં છે તેને જાણે જ નહિ તો તેને ટાળશે ક્યાંથી ? અને અશુદ્ધતા જેટલો જ પોતાને માની લ્યે, ને તે જ વખતે સ્વભાવની શુદ્ધતાનું વેદન જરાય ન રહે–તો તે મિથ્યાદ્રષ્ટિ છે. પર્યાયમાં જેટલા રાગાદિ દોષ છે તેનું વેદન પણ પોતાને જ છે, તે ઉપરાંત ધર્મીને તે જ કાળે રાગથી જુદી પોતાની ચેતનાનું વેદન પણ વર્તે છે.–આવી આશ્ચર્યકારી સાધકદશા છે, તેને ધર્મી જ ઓળખે છે. એકાંતવાદી તેને ઓળખી શકતા નથી.

જ્ઞાની તો રાગનો અવેદક છેને ?

સ્વભાવદ્રષ્ટિએ તેને જેટલી શુદ્ધતા થઈ છે તે શુદ્ધતામાં રાગાદિનું જરાય વેદન નથી – એ સાચું, પણ પર્યાયમાં હજી જેટલું અશુદ્ધ– રાગાદિરૂપ પરિણમન બાકી છે તે પરિણમન પોતાનું છે ને પર્યાયમાં તેનું વેદન પણ છે –એમ જ્ઞાની પર્યાયનયથી જાણે છે. રાગાદિ થતા હોવા છતાં તેને જાણે જ નહિ તો–તો જ્ઞાન ખોટુ પડે. તે પર્યાયમાં તે ક્ષણ પૂરતો તેટલો રાગાદિના કર્તાપણારૂપ ભાવ છે, કર્તૃનયથી આત્મા પોતે તે કર્તૃધર્મવાળો છે. –પણ તે જ વખતે બીજા અનંત ધર્મોમાં રાગાદિને ન કરે એવો અકર્તૃસ્વભાવ પણ પોતામાં છે –એનેય ધર્મી જાણે છે, એટલે એકલી પર્યાયબુદ્ધિ તેને થતી નથી, રાગાદિમાં જ્ઞાનની એકત્વબુદ્ધિ થઈ જતી નથી. રાગ અને જ્ઞાનની ભિન્નતાના ભાન સહિત પોતાની પર્યાયમાં જ્ઞાનધારાને અને રાગધારાને જેમ છે તેમ જાણે છે. તેનો કર્તા પણ છે, તેનો ભોક્તા પણ છે, અને તે જ વખતે રાગાદિના અકર્તા–અભોક્તાપણાનો ભાવ પણ ધર્મીની પર્યાયમાં વર્તે છે. –અહો, અનેકાન્તમય વસ્તુસ્વરૂપ ! આવા વસ્તુસ્વરૂપને જાણીને હે જીવો ! તમે આજે જ આત્મામાંથી આનંદ કાઢીને તે આનંદનો અનુભવ કરો.

* * *

( આ વિષય વધુ સ્પષ્ટ સમજવા માટે, પ્રવચનસારના પરિશિષ્ટમાં ‘આત્મ પ્રાપ્તિ’ ના વર્ણનમાં આચાર્યદેવે ૪૭ નયોથી આત્માનું વર્ણન કર્યું છે; તેમાં કર્તૃનય અને અકર્તૃનય, તથા ભોકતૃનય અને અભોકતૃનય પણ છે; તેના પ્રવચનમાંથી કેટલોક સાર અહીં આપીએ છીએ. )

## ❀ સાધક જીવ કર્તૃનય - ભોકર્તૃનયથી આત્માને કેવો જાણે છે ? ❀

પ્રથમ તો જ્ઞાન–સાધકના શ્રુતજ્ઞાનમાં અનંત નયો હોય છે, તથા તેના વિષય–રૂપ અનંત ધર્મો છે. તેમાં કર્તૃનય–અકર્તૃનય વગેરે છે. અને તે નયના વિષયરૂપ ધર્મો પણ આત્માની પર્યાયમાં વર્તે છે. તેને ધર્મી જાણે છે.–જાણીને પરભાવોથી ભિન્ન પોતાના શુદ્ધચૈતન્યને પ્રાપ્ત કરે છે.

જેમ રંગારો રંગનો કરનાર છે તેમ કર્તાનયે આત્મા રાગાદિનો કર્તા છે, –એવો તેનો એક પર્યાયધર્મ છે, તેને ધર્મી જાણે છે. હું અનંત ગુણનો પિંડ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છું, મારા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યમાં રાગનો અંશ પણ નથી એટલે રાગનું કર્તાપણું મારા સ્વરૂપમાં નથી – આવી અંતર્દ્રષ્ટિપૂર્વક, પર્યાયમાં જે અલ્પ રાગાદિ થાય છે તેને પણ સાધક જીવ પોતાનું પરિણમન જાણે છે; –તેને પ્રમાણ–જ્ઞાનપૂર્વક આ કર્તૃનય હોય છે. રાગથી ભિન્ન ચિદાનંદ સ્વભાવની દ્રષ્ટિ છોડીને એકલા રાગના કર્તાપણામાં રોકાય તેને આ કર્તૃનય હોતો નથી.

પરનો કર્તા થાય એવો તો કોઈ ધર્મ આત્મામાં કદી નથી; અને રાગાદિનો કર્તા થાય એવો કોઈ સ્વભાવ દ્રવ્યમાં કે ગુણમાં નથી, તે તો તે પર્યાયનો તે વખતનો ધર્મ છે. ( એ ખાસ લક્ષમાં રાખવું કે સાધકને પર્યાયમાં એકલું રાગનું કર્તૃત્વ જ નથી પરંતુ તે જ વખતે પર્યાયમાં જેટલી શુદ્ધતા છે તેટલું રાગનું અકર્તૃત્વ પણ વર્તે જ છે. ) જીવની પર્યાયમાં જે રાગ થાય છે તેનો કર્તા કોણ ? આત્મા પોતે પર્યાયમાં વિકારપણે પરિણમે છે તેથી આત્માનો જ તે ધર્મ છે, તેનો કર્તા આત્મા છે, પણ જડકર્મ તેનું કર્તા નથી. આ સાધકના નયની વાત છે. સાધકના શ્રુતજ્ઞાનમાં આવા નયો હોય છે. સિદ્ધભગવાનને રાગ પણ નથી ને નય પણ નથી–જેને હજી પર્યાયમાં રાગ થાય છે એવો સાધકજીવ કર્તૃનયથી એમ જાણે છે કે આ રાગ થાય છે તેનો કર્તા હું છું; બીજું કોઈ તેનું કર્તા કે કરાવનાર નથી. તેમજ મારા ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં આ રાગનું કર્તાપણું નથી, ને પર્યાયમાં જેટલી શુદ્ધતા થઈ છે તેમાં પણ રાગનું કર્તાપણું નથી. –આમ જાણવું તે અનેકાન્ત છે. એકલું કર્તૃત્વ જ જાણે, ને તે જ વખતે અકર્તૃત્વને ન જાણે, અથવા સર્વથા અકર્તા જાણે ને પર્યાયમાં જેટલું રાગનું કર્તૃત્વ વર્તે છે તેને ન જાણે–તો પ્રમાણજ્ઞાન એટલે વસ્તુનું સાચું જ્ઞાન થાય નહિ, ને વસ્તુના સાચા જ્ઞાન વગર શુદ્ધઆત્માની પ્રાપ્તિ થાય નહીં.

સમયસારના પરિશિષ્ટમાં ચૈતન્યપરિણમનમાં ઉલ્લસતી જે ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે તે તો ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મો છે અને તેનું નિર્મળ પરિણમન થયું તેની વાત છે; તેમાં વિકાર ન આવે. ત્યાં ૪૨ મી શક્તિમાં જે કર્તૃત્વશક્તિનું વર્ણન કર્યું છે તે કર્તૃત્વશક્તિ તો બધા જીવોમાં છે, સિદ્ધમાંય તે કર્તૃત્વ છે. તે કર્તૃત્વમાં રાગાદિ ન આવે. અને પ્રવચનસારમાં કર્તૃનયથી જે કર્તાપણાનું વર્ણન કર્યું છે તેમાં તો રાગના કર્તાપણાની વાત છે, તે ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મ નથી પણ એક ક્ષણપૂરતી પર્યાયનો ધર્મ છે; તે પર્યાય આત્માની છે, તેથી તેને આત્માનો ધર્મ કહેવાય છે.

પ્રશ્નઃ – રાગ કરવો તે તો દોષ છે, છતાં ધર્મી પોતાને રાગનો કર્તા કેમ જાણે ?

ઉત્તરઃ – તે આત્માના ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મ નથી, તેમ જ તે મોક્ષમાર્ગરૂપ ધર્મ પણ નથી, પરંતુ રાગ આત્માની પર્યાયમાં થાય છે એટલે રાગને જ્યાંસુધી પોતાની પર્યાયમાં ધારી રાખે છે ત્યાંસુધી તે આત્માનો પોતાનો ધર્મ છે ને તેનો કર્તા આત્મા છે. પોતાની પર્યાયમાં થાય છે માટે તેને પોતાનો ધર્મ કહ્યો છે, તે ત્રિકાળ નથી પણ ક્ષણિક પર્યાયપૂરતો છે. કર્તૃનયથી આ રાગના કર્તાપણાને જાણનાર જીવ તે જ વખતે તેના અકર્તાપણે પણ પરિણમે છે. કેમકે રાગના કર્તાપણા વખતે જ બીજા અનંત ધર્મોમાં જે શુદ્ધ ચૈતન્યપરિણમન છે તેમાં રાગનું કર્તૃત્વ નથી. –આમ ( કર્તૃત્વ તેમ જ અકર્તૃત્વ ) બંને ધર્મો સાધકને એક સાથે છે.

રાગનું કર્તાપણું જાણનાર જ્ઞાની, તે રાગમાં જ ન અટકતાં શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ વળી ગયો છે. પ્રમાણના વિષયરૂપ સામાન્ય વિશેષાત્મક દ્રવ્ય ( અનંત ધર્મવાળું ) છે તેના બધા પડખાંને જાણતાં જ્ઞાનનું વલણ શુદ્ધ સ્વભાવ તરફ જ વળે છે એટલે પર્યાયમાંથી રાગનું કર્તૃત્વ ટળે છે ને શુદ્ધતાનું કર્તૃત્વ પ્રગટે છે. રાગનો કર્તા તે વ્યવહાર છે ને રાગનો અકર્તા ( સાક્ષી ) તે નિશ્ચય છે. ધર્મી બંનેને જેમ છે તેમ જાણે છે.

પ્રશ્નઃ – રાગાદિનો કર્તા થવાનો આત્માનો ધર્મ હોય તો તે કદી ટળશે નહિ, આત્મા સદાય રાગાદિને કર્યાં જ કરશે ?

ઉત્તરઃ – ના; એમ નથી. આ કર્તૃધર્મ અનાદિ અનંત નથી, પણ સાધકદશામાં

તે પર્યાય પૂરતો જ આ ધર્મ છે. વળી પર્યાયમાં આવો ધર્મ છે એમ જાણે તો, રાગના કર્તૃત્વ વગરનું જે ત્રિકાળ આત્મદ્રવ્ય છે તેને પણ જાણે ને રાગાદિનો સાક્ષી થઈ જાય. રાગાદિપણે આત્મા થાય છે – એમ આત્માના ધર્મવડે જેણે આત્માને જાણ્યો તેની દ્રષ્ટિ એકલા રાગ ઉપર ન રહેતાં, અનંત ગુણના પિંડ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ઉપર જાય છે ને તે રાગનો પણ સાક્ષી થઈ જાય છે. ક્રમેક્રમે રાગનું કર્તૃત્વ ( રાગનું પરિણમન ) છૂટીને, તેનો સર્વથા અકર્તા થઈ, વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરે છે. સમ્યક્ નયોનું આ ફળ છે. કોઈપણ સમ્યક્ નયથી આત્માને જાણતાં શુદ્ધચૈતન્યની પ્રાપ્તિ થાય જ છે.

કર્તૃનયથી આત્મા વિકારનો કર્તા છે–એમ કહ્યું, તોપણ એકલા વિકાર સામે જોઈને આ ધર્મનું સાચું જ્ઞાન થતું નથી, પણ અનંતધર્મવાળા આત્મદ્રવ્યના સ્વીકારપૂર્વક જ તેના ધર્મ જણાય છે. સમ્યક્નયોનું ફળ તો મોક્ષ કહ્યું છે. એટલે રાગના કર્તૃત્વને જાણવારૂપ જે કર્તૃનય છે તેનું ફળ પણ મોક્ષ છે; કેમકે સમ્યક્પણે તે ધર્મને જાણનાર તે જ વખતે અનંત ધર્મસ્વરૂપ ચૈતન્યતત્ત્વને પણ શ્રુતપ્રમાણવડે જાણે છે. આ રીતે શુદ્ધ સ્વભાવને દ્રષ્ટિમાં રાખીને પર્યાયમાં રાગના કર્તાપણાનું જ્ઞાન કરે તેને જ 'કર્તૃનય' હોય છે, બીજાને કર્તૃનય હોતો નથી. નય તે સમ્યજ્ઞાનરૂપી સૂર્યનું કિરણ છે, અજ્ઞાનીને નય હોતા નથી. જ્ઞાની જીવ પ્રમાણથી દેખે કે નયથી દેખે, –પણ અંતરમાં શુદ્ધ ચૈતન્યને જ પ્રાપ્ત કરે છે.

કર્તૃનયથી આત્માને જુએ તેને પણ એમ નથી થતું કે મારો આત્મા સદાય રાગાદિનો કર્તા જ રહેશે! કર્તૃનયવાળાને પણ ક્ષણેક્ષણે પર્યાયમાંથી રાગનું કર્તૃત્વ ઘટતું જાય છે ને જ્ઞાનચેતનારૂપ સાક્ષીપણું વધતું જાય છે.–આવી સાધકદશા છે. 'અત્યારે રાગને કરે છે એવો મારા આત્માનો એક ધર્મ છે' –એમ કર્તૃનયથી જોનાર જ્ઞાની પણ, તે ધર્મદ્વારા ધર્મી એવી શુદ્ધ ચૈતન્યવસ્તુને અંતરમાં દેખે છે, એટલે કર્તૃનયનું ફળ કાંઈ રાગના કર્તા રહેવું–તે નથી, પણ શુદ્ધચૈતન્યદ્રવ્યના અવલંબને રાગ ટળી જાય તે કર્તૃનયનું ફળ છે.

સમયસારમાં વારંવાર એમ કહ્યું કે જ્ઞાયકસ્વભાવ આત્મા છે તે રાગનો કર્તા નથી; ને અહીં એમ કહ્યું કે આત્માને રાગનું કર્તાપણું છે – એવો તેનો એક ધર્મ છે, –આ બન્ને કથનનો મેળ સમજવો જોઈએ. અનુભૂતિના વિષયરૂપ શુદ્ધાત્મા બતાવતા તેને રાગનું સર્વથા અકર્તાપણું જ કહ્યું. અને પ્રમાણના વિષયરૂપ આત્માના

અનન્તધર્મો બતાવવા રાગનું કર્તૃત્વ પણ તેમાં કહ્યું – તેમાં ક્યાંય વિરોધ નથી.

કર્તૃનયથી આત્માને રાગનો કર્તા માન્યો માટે હવે તે આત્મા અનાદિઅનંત રાગનો કર્તા જ રહેશે – એમ નથી; કેમકે આ ધર્મને જોનાર પણ એકલા આ ધર્મ જેવડો જ આખો આત્મા નથી માનતો. પરંતુ તે જ વખતે જ્ઞાન –આનંદ વગેરે અનંત ધર્મવાળા શુદ્ધઆત્માને તે શ્રુતજ્ઞાનમાં સ્વીકારે છે, ને શુદ્ધઆત્માને જોનારો રાગમાં અટકી જતો નથી, એટલે કે 'રાગપણે જ હું રહીશ' એમ તે પ્રતીત કરતો નથી; તેને તો એમ નિઃશંકતા છે કે હું મારા ચૈતન્યસ્વભાવપણે પરિણમીને અલ્પકાળમાં જ આ રાગનો અભાવ કરી નાંખીશ. અત્યારે રાગપણે જેટલું પરિણમન છે તેટલો મારો ધર્મ છે, તે રાગનું દુઃખ પણ મને વેદાય છે; – કાંઈ ધર્મી થાય એટલે તેને રાગનું દુઃખ ન વેદાય –એમ નથી. ધર્મી પણ પોતામાં જેટલો રાગ છે તેટલું દુઃખ સમજે છે – પણ એટલું ખરું કે તે દુઃખ વખતે પણ સમ્યગ્દર્શનાદિથી જે અપૂર્વ આત્મશાંતિનુ વેદન પ્રગટયું છે તે વેદન પણ વર્તે જ છે, અને તે વેદનમાં રાગનો કે દુઃખનો અભાવ છે. એકકોર અપૂવ શાંતિ ને એકકોર રાગનું દુઃખ–બંને ભાવ ધર્મીને પર્યાયમાં વર્તે છે, ને તે બન્નેને ધર્મી પોતામાં જાણે છે.

* 'આત્માને રાગનું કર્તાપણું સ્વીકારતાં તો તે કર્તાપણું અનાદિઅનંત રહી જશે! –માટે કર્મને જ રાગનું કર્તા કહો ' – એમ કોઈને થાય તો તે ખોટું છે, કર્તૃનયના અભિપ્રાયને તે સમજ્યો જ નથી. હે ભાઈ! કર્તૃધર્મ તો તે ક્ષણિક પર્યાયપૂરતો છે, ત્રિકાળ નથી; તે જ વખતે ત્રિકાળી ચેતન દ્રવ્ય તો રાગના કર્તૃત્વ વગરનું જ છે. કર્તૃધર્મ કોનો છે? આત્મદ્રવ્યનો છે; તે આત્મદ્રવ્ય કેવું છે? અનંત ધર્મના પિંડરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર છે. આવા શુદ્ધ આત્માની દ્રષ્ટિપૂર્વક, કર્તૃનયથી રાગનું કર્તાપણું જેણે જાણ્યું તેને રાગ લંબાતો નથી, કેમ કે તે જ કાળે અકર્તૃનયે આત્માનો સ્વભાવ રાગાદિનો અકર્તા જ છે – એમ પણ તે જાણે છે.

* વળી કોઇ એમ કહે છે કે–'કર્મ તો આત્માને વિકાર ન કરાવે પણ કર્તૃનયે આત્મા વિકાર કરે–એમ અમે માની લીધું!' –તો તેને પૂછીએ છીએ કે હે ભાઈ! તારી નજર ક્યાં છે? કોની સામે મીટ માંડીને તું આત્માના કર્તૃધર્મને કબુલે છે? તારી નજરની મીટ વિકાર ઉપર છે કે ચૈતન્યમય આત્મદ્રવ્ય ઉપર? વિકાર ઉપર મીટ માંડીને આત્માના ધર્મનું યથાર્થ જ્ઞાન થતું નથી, આત્મદ્રવ્યની સામે મીટ માંડીને જ તેના ધર્મનું યથાર્થ જ્ઞાન થાય છે. માટે

કર્તૃનયથી રાગનું કર્તાપણું જાણનારી દ્રષ્ટિ પણ શુદ્ધઆત્મદ્રવ્ય ઉપર જ હોય છે, ને શુદ્ધઆત્મા ઉપર દ્રષ્ટિ હોય તેને વિકારનું કર્તૃત્વ ટળીને અલ્પકાળમાં વીતરાગતા થયા વિના રહે જ નહિ. આ રીતે અનંતધર્મના આધારરૂપ શુદ્ધઆત્મદ્રવ્યને દ્રષ્ટિમાં રાખીને સમજે તો જ બધા કથનનું યથાર્થ તાત્પર્ય સમજાય છે. અને આવું તાત્પર્ય સમજનાર જ્ઞાની –સાધકની દશા કોઈ અદ્‌ભુત–અપૂર્વ–અચિંત્ય–આનંદરૂપ હોય છે.

卐 **જૈન સંસ્કૃતિ શું છે?**

જેનાથી આત્માને વીતરાગભાવના ઉત્તમ સંસ્કાર પડે તે જ સાચી જૈનસંસ્કૃતિ છે. એટલે અંતર્મુખ થઈને આત્માને સાધવો તે જ જૈનસંસ્કૃતિ છે, તેમાં જીવને વીતરાગતાના સંસ્કાર પડે છે.

卐 **જૈનધર્મની સામાયિક કેવી છે?**

જેમાં ચૈતન્યનો શાન્ત વીતરાગરસ ઝરે છે –એવા સમભાવનો અનુભવ તે સામાયિક છે.

卐 **તમે કાર્યકર્તા છો?**

હા; ધર્મી કહે છે કે અમારા સ્વભાવને સાધવારૂપ કાર્યના અમે કર્તા છીએ, તેથી અમે કાર્યકર્તા છીએ. સ્વભાવને સાધવો તે અમારું કાર્ય છે. અમારા જ્ઞાન–આનંદરૂપ કાર્યના કર્તા અમે છીએ.

卐 **આ મનુષ્યપણું પામીને સારૂં કાર્ય શું કરવું?**

આત્માના અનુભવ જેવું સારૂં કામ બીજું કોઈ નથી, માટે તે સારૂં કાર્ય કરવું. (ખરેખર, શુદ્ધાત્માના અનુભવરૂપ જે સમયસાર, તેનાથી ઊંચું બીજું કાંઈ નથી.)

卐 **ગુણવંતા જ્ઞાનીની ભક્તિ કઈ રીતે થાય?**

જ્ઞાનીના ગુણને ઓળખતાં તેના પ્રત્યેનો જે મહાન પ્રમોદભાવ જાગે છે ને પોતાનો આત્મા પણ તેવા ગુણ પ્રગટ કરવા પ્રેરાય છે તે ભક્તિ છે. આ ભક્તિ માત્ર બહારના ઠાઠમાઠમાં કે નૃત્ય–ગાનાદિમાં પૂરી થતી નથી, પણ આ ભક્તિ સાથેનું જ્ઞાન, જ્ઞાનીના અંતરમાં ઊંડું ઊતરીને તેના ગુણનો પત્તો મેળવે છે ને પોતામાં તેવા ગુણ પ્રગટ કરીને જ તે જંપે છે. આ રીતે ગુણવડે ગુણવંત –જ્ઞાનીની સુંદર ભક્તિ થાય છે. કુન્દકુન્દપ્રભુએ સમયસારની ૩૧ મી ગાથામાં આવી ભક્તિ બતાવી છે. જ્ઞાનબળે, અહીં ભરતક્ષેત્રમાં બેઠાબેઠા પણ સિદ્ધભગવંતોની કે વિદેહક્ષેત્રના કરોડો –અબજો જ્ઞાનીઓની ભક્તિ આપણે કરી શકીએ...... આ ગુણભક્તિને ક્ષેત્રનું અંતર નડી શકતું નથી.

卐

## ધર્મીનું વેદન

* ધર્મીને દુઃખ હોય ? ... હા; ધર્મીનેય જેટલો રાગ છે તેટલું દુઃખ છે.
* તે દુઃખનું વેદન ધર્મીને હોય ? .... . હા; જેટલો રાગ છે તેટલું દુઃખનું પણ વેદન છે. રાગનું વેદન તો દુઃખરૂપ – આકુળતારૂપ જ હોય ને ! રાગનું વેદન કાંઇ શાંતિરૂપ ન હોય.
* તે રાગના દુઃખ વખતે ધર્મીને શાંતિનું વેદન છે કે નથી ? .... છે; તે વખતેય સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાનાદિરૂપ જે શુદ્ધ પરિણમન વર્તે છે તેમાં તો અપૂર્વ આત્મશાંતિનું જ વેદન છે, તેમાં કાંઇ દુઃખ નથી; પણ રાગમાં તો દુઃખ જ છે, તેમાં કાંઈ શાંતિ નથી.
* તો એકકોર સમ્યગ્દર્શનાદિની અપૂર્વ શાંતિનું વેદન, ને બીજીકોર રાગની આકુળતાના દુઃખનું વેદન, –એ બંને વેદન ધર્મીને એકસાથે વર્તે છે ? –હા; સાધકની પર્યાયમાં શાંતિ અને દુઃખ બંનેનું વેદન એકસાથે વર્તે છે. જો શાંતિનું જરાય વેદન ન હોય ને એકલા જ દુઃખનું વેદન હોય તો – તો અજ્ઞાનદશા છે; અને જો પૂર્ણ શાંતિનું જ વેદન હોય ને દુઃખનું વેદન જરાય ન હોય તો ત્યાં પૂર્ણદશા હોય; સાધકની દશામાં તો ઘણી શાંતિનું વેદન હોવા છતાં રાગાદિના જરાક દુઃખનું વેદન પણ છે. –આવી મિશ્રધારા સાધકને હોય છે.
* જેટલો રાગ છે તે રાગને દોષરૂપ – દુઃખરૂપ જો ન જાણે, ને તે રાગમાં પણ જો શાંતિ માને તો તેને પોતાના દોષ જોતાં આવડતું નથી. એણે તો દોષને ગુણમાં ભેળવી દીધો. ગુણ–દોષનું સાચું પૃથક્કરણ જ્ઞાની જ કરી શકે છે. રાગાદિ દોષના કોઈ અંશને તે ગુણમાં ભેળવતા નથી.
* શાંતિનું જરાય વેદન ન હોય તે અજ્ઞાની, અશાંતિનું જરાય વેદન ન હોય તે વીતરાગ. ઘણી શાંતિ સાથે જરાક અશાંતિનું વેદન – તે સાધકદશા.

–આમ પોતાની પર્યાયમાં શાંતિ–અશાંતિનું વેદન જે પ્રકારે વર્તે છે તે પ્રકારે ધર્મી જાણે છે.

## સુવર્ણપુરી સમાચાર

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ સુખશાતામાં બિરાજે છે. પ્રવચનમાં સવારે નિયમસારનો પરમ સમાધિ– અધિકાર અને બપરે સમયસારનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે.

તીર્થધામ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) માં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૬૦ મો જન્મ–જયંતી મહોત્સવ શ્રાવણ વદ ૨, બુધવાર, તા. ૧૫–૮–૭૩ ના રોજ ઊજવવામાં આવશે. મુમુક્ષુ હૈયાંને આનંદકારી આ મંગળ મહોત્સવની નિમંત્રણ–પત્રિકા મુમુક્ષુ – મંડળોને મોકલવામાં આવી છે.

આ મંગલ જન્મ–જયંતીનો લાભ લવા માટે સૌ ભાઈ – બહેનોને સોનગઢ પધારવાનું નિમંત્રણ છે.

## જામનગર અને રાજકોટ

* જામનગર શહેરમાં ગત અષ્ટાન્હિકા દરમિયાન ‘સિદ્ધચક મંડલવિધાન’ મહાપૂજન થયું હતું, તેમાં ઘણા મુમુક્ષુઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.
* રાજકોટ શહેરમાં જૈન પાઠશાળા સુંદર રીતે ચાલી રહી છે. સેંકડો બાળકો ધર્મના ઉત્તમ સંસ્કાર મેળવી રહ્યા છે ને વડીલો પણ તેમને સારૂં પ્રોત્સાહન આપી રહ્યા છે. દરેક ગામના કાર્યકરોએ પોતાના ગામમાં જૈનપાઠશાળા અવશ્ય ચાલુ કરવી જોઈએ; કોઈપણ બહાના હેઠળ આ કાર્યમાં વિલંબ કરવો ઉચિત નથી. આશા રાખીએ કે વીર પ્રભુના નિર્વાણને અઢીહજારમું વર્ષ બેસે ત્યાં સુધીમાં સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર પાઠશાળા ચાલુ થઈ ગઈ હશે. બાળકો, તમે પોતે ભેગા થઈને પાઠશાળા માટેનો તમારો હકક વડીલો પાસે માંગો... ને સત્યાગ્રહ પૂર્વક કહો કે “અમે તો વીરતણાં સંતાન....અમારે ભણવા જૈનસિદ્ધાંત”–કોઈ ભણાવનાર ન મળે તો તમે પોત જ ભેગા થઈને ભણો. તમને જરૂર આનંદ થશે. આ સંબંધી તમારા ઉત્સાહના સમાચાર લખી મોકલો. જરૂર પડશે તો સોનગઢથી તમને દોરવણી આપીશું.

## અઢી હજાર વર્ષ પહેલાંના એક તામ્રપત્રમાં ગીરનારનો ઉલ્લેખ

“શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી – કે જેઓ ગુજરાતના ખ્યાતનામ વિદ્વાન છે, અને સોમનાથ – પ્રભાસપાટણના જ નિવાસી છે, તે શ્રી હરિભાઈ શાસ્ત્રીએ પ્રભાસના અનેક શિલાલેખો ઉકેલ્યા છે; તેમની પાસે એક અત્યંત પ્રાચીન તામ્રપત્ર

છે. ડો. પ્રાણનાથના ઉકેલ પ્રમાણે તેમાં અસીરીઆ – બેબીલોનિયાના રાજા નેબુકદનઝરે (ઈસ્વી પૂર્વે ૬૦૪ થી ૫૬૧) સમુદ્રમાર્ગે પ્રભાસ આવતા વહાણોમાં લેવાતી જકાત **રેવંત પર્વત ઉપરના જૈન તીર્થંકર નેમિનાથના મંદિરના ખર્ચ માટે આપવા હુકમ કાઢયો હતો.**” (– અખંડ આનંદઃ ઓગષ્ટ ૧૯૭૨ઃ પાનું ૫૭)

* આ શિલાલેખમાં લખેલ સંવત અનુસાર તે મહાવીર ભગવાનના સમયનો, અને કદાચ તેનાથી પણ પ્રાચીન હોવાનું નક્કી થાય છે.
* અઢી હજાર વર્ષ પહેલાં ગીરનાર ઉપર નેમપ્રભુનું જિનમંદિર હોવાનો તેમાં ઉલ્લેખ છે.
* તે કાળના કોઇ વિદેશી રાજાને પણ ગીરનાર ઉપરના નેમિનાથ પ્રભુના મંદિર પ્રત્યે દાનનો આવો ઉલ્લાસભાવ આવ્યો, તે ઉપરથી તે કાળે દેશ–વિદેશમાં જૈનધર્મની કેટલી પ્રસિદ્ધિ ને કેટલું ગૌરવ હશે! તેનો ખ્યાલ આવે છે.

(પરંતુ આજ તો ગીરનારની પાંચમી ટૂંક ઉપર નેમપ્રભુની એ નિર્વાણભૂમિના દર્શન કરવાનું પણ કેવું દુર્લભ થઈ ગયું છે!)




* બોટાદ નિવાસી ભાઈશ્રી છોટાલાલ શિવલાલ ગોપાણી તા. ૧૭–૭–૭૩ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
* ચોટીલાવાળા ભાઈશ્રી કેવળચંદ ઝવેરચંદ કોઠારી તા. ૭–૭–૭૩ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ઘણા વર્ષથી તેઓ ગુરુદેવના પરિચયમાં હતા ને છેવટ સુધી ગુરુદેવે બતાવેલા તત્ત્વનું રટણ કરતા હતા.
* વાસણા ચૌધરીના ભાઈશ્રી નાથાલાલ વેણીચંદ શાહ તા. ૧૦–૭–૭૩ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. વાસણ ચૌધરી – મુમુક્ષુ મંડળમાં તેઓ અગ્રગણ્ય હતા.
* શાહ દેવસી કચરાભાઈ (ઉ. વ. ૭૩) તા. ૨૬–૭–૭૩ ના રોજ જામનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે તેઓ જિનમંદિરે દર્શન – સ્વાધ્યાયમાં હંમેશાં આવતા હતા. છેલ્લે ગુરુદેવ ઘાટકોપર પધાર્યા ત્યારે તેમણે લાભ લીધો હતો.
* રાજકોટ નિવાસી દોશી ખુશાલચંદ (–પોપટભાઈ) સવજીભાઈ તા. ૨૦–૭–૭૩ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ મુંબઈ પધાર્યા ત્યારે તેમણે ઉત્સાહથી લાભ લીધો હતો, ને ઠેઠ સુધી ગુરુદેવના ઉપકારનું સ્મરણ કરતા હતા.


– સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગીદેવગુરુના શરણે આત્મહિત પામો.




તીર્થયાત્રાનો હેતુ શું છે?

અહો, સમ્મેદશિખર વગેરે મહાન તીર્થક્ષેત્રો - જ્યાં અનેક સાધકસંતો અને તીર્થંકરો વિચર્યા, જ્યાંથી અનેક જીવો મોક્ષ પામ્યા, તેમના વીતરાગી જીવનનું સ્મરણ તીર્થયાત્રામાં જાગે છે, ને પોતાને તેવા માર્ગે જવાનો ઉલ્લાસ જાગે છે; સંસારનાં કાર્યોથી નિવૃત્તિપૂર્વક આત્મતત્ત્વની એકત્વભાવના જાગે છે. આ રીતે તીર્થમાં વિચરતાં વીતરાગી મહાપુરુષોના જીવનનું સ્મરણ થતાં પોતાને ચૈતન્યની આરાધનાનો ઉત્સાહ જાગે છે–તે જ તીર્થયાત્રાનો હેતુ છે. સંસારની અનેકવિધ શુભાશુભપ્રવૃત્તિ વચ્ચેથી નિવૃત્ત થઈને તીર્થધામોમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વની ભાવના કરવી, તેની અનુભૂતિનો અભ્યાસ કરવો, અસાર સંસારથી વિરક્ત થઈને મોક્ષમાર્ગે વિચરેલા વીતરાગી સંતોનું જીવન યાદ કરીને પોતે તે માર્ગમાં ઉત્સાહ જગાડવો,–તે તીર્થયાત્રાની સફળતા છે. તે માટે જ્ઞાનીઓએ તીર્થનો મહિમા કર્યો છે. તીર્થયાત્રાના શુભરાગથી ધર્મ નથી–એમ કહીને કાંઈ જ્ઞાનીઓ તીર્થયાત્રાનો નિષેધ નથી કરતા, પણ એમ કહે છે કે તીર્થમાં જઈને તું પણ પૂર્વ -સંતોનું સ્મરણ કરીને તેમની જેમ શુદ્ધાત્મતત્ત્વની ભાવના કરજે, તેને ભૂલીને એકલી બાહ્યશુભક્રિયામાં અટવાઈ જઈશ મા–

તીર્થયાત્રા સંબંધમાં ગુરુદેવના ભાવભીના હસ્તાક્ષર આપ વાંચો



# દશ પ્રશ્ન * દશ ઉત્તર

[ પ્રવચનમાંથી સુંદર સંકલન ]

卐 જગપ્રસિદ્ધ તત્ત્વ શું છે?
આ ચૈતન્યતત્ત્વ જગપ્રસિદ્ધ છે.

卐 મુમુક્ષુના હૃદયની વાત શું છે?
નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ તે મુમુક્ષુના હૃદયની વાત છે.

卐 સિદ્ધિને માટે મુમુક્ષુ શું કરે છે?
મુમુક્ષુ સૌથી પહેલાં સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ નિર્વિકલ્પતત્ત્વને જાણે છે.

卐 તે નિર્વિકલ્પ તત્ત્વ ક્યાં બિરાજે છે?
સંતોની જ્ઞાનપરિણતિમાં તે આનંદસહિત બિરાજમાન છે.

卐 આ મોટા ભવસમુદ્રને તરવા માટે ક્યાં જવું?
એનાથી મોટો જે જ્ઞાનસમુદ્ર તેમાં ઊતરતાં ભવસમુદ્રને તરાય છે.

卐 સમ્યક્ત્વ થતાં શું થયું?
આનંદથી ભરેલું આખું આત્મતત્ત્વ હાથમાં આવ્યું.

卐 સર્વજ્ઞદેવના ઉપદેશનું ફળ શું?
આત્માનું હિત થાય તે; કેમકે સર્વજ્ઞદેવ ‘હિતોપદેશી’ છે.

卐 સંતની વાણી કેવી છે?
સંતની વાણી તો ભવનાં અંતની વાણી છે.

卐 જૈનશાસન કેવું છે?
મોહ વગરના શુદ્ધભાવરૂપ જૈનશાસન છે.

卐 શુભરાગવાળા જ્ઞાની તે ધર્મી છે?
હા; પણ ત્યાં તેના સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ તે ધર્મ છે, જે શુભરાગ છે તે ધર્મ નથી.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન, સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત: ૩૩૫૦
મુદ્રક: મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય: સોનગઢ (સૌરાષ્ટ્ર) : શ્રાવણ (૩૫૮)